January 2024

# પાટણ પ્રતિબિંબ

# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal

Year 19 ● Issue 4 / 215

● Mumbai ● Page 28 ● Price Rs. 2/-

● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

મારા પ્યારા સ્વજનો,

**દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

*પ્રણામ !*

***Welcome New Year 2024 With Full of Love + Happiness in your life***

ભાવનાની ધરતી અંતરના સાગરમાં જ્યારે ઉમટે છે ત્યારે ચારે બાજુનું વાતાવરણ પ્રેમ સ્નેહ અને લાગણીઓથી ભીંજાય છે. આવી જ કાંઈક અનુભૂતિ આજે વર્ષ ૨૦૨૪ના પ્રથમ જાન્યુઆરી મહિનામાં 'પ્રતિબિંબ'નાં માધ્યમથી દેશ-વિદેશમાં વસતા આપ સર્વે પાટણના પરિવારોને મળતાં આનંદનો અનુભવ થાય છે. સ્વાગત છે આપ સહુનું, નવા વર્ષની શુભકામના સાથે સમાજની એકતા તથા ઉન્નતિ થાય, વિકાસ થાય તેના માટે સાથે મળીને પ્રયત્નશીલ બનીએ.

તા. ૨૬ જન્યુઆરી, વિશ્વની સૌથી મોટી લોકશાહીનો જન્મ દિવસ. આ નિમિત્તે ભારત દેશને નત્ મસ્તકે વંદન કરીએ અને તે સમયના પૂરોગામી નેતાઓનો આભાર માનીએ.

વંદે માતરમ્.... ભારત માતાને સલામ....

મિત્રો ! અમારી ટીમને બહુ નજીકનાં સમયમાં બે વર્ષ પૂરા થશે સમય તો અબાધ ગતિએ ચાલ્યો જાય છે, પરંતુ સંસ્થાના પ્રમુખ તરીકે મને જણાવતા ઘણો ઘણો આનંદ થાય છે કે મારી ટીમ ખૂબ જ ધગશથી મહેનત કરે છે સાથે સાથે સમયનો ભોગ આપીને અનેકગણા કાર્યો કરીને સફળતા પ્રાપ્ત કરી છે. સમાજનાં લાકોએ પણ સાથ આપ્યો છે તે માટે હું આપ સર્વેનો ઋણ સ્વીકાર કરું છું. જેટલું કામ મુંબઈમાં થાય છે તેટલું જ કામ આપણા પ્યારા વતન પાટણમાં પણ થાય છે. આ વર્ષે અમે બે મોટા પ્રોજેક્ટ પાર પાડી શક્યા છીએ. તેમાં **પહેલો પ્રોજેક્ટ પાટણ ખાતે બી.ડી. સ્કુલનો છે, જેનાં માનદમંત્રી શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ (કુંભારીયા પાડો), ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (ભાભાનો પાડો)** આ બન્નેના અનન્ય સાથ-સહકાર અને સતત પરિશ્રમ દ્વારા જ સંપૂર્ણ સફળતા પ્રાપ્ત કરેલ છે.

**એપ્રિલ ૨૦૨૪** માં સ્કુલ શરૂ કરવાની તૈયારી ચાલે છે, **ફેબ્રુઆરીમાં ફાઈનલ તારીખ આપશું** જેથી વધુ ને વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાટણ આવીને પોતાની સ્કૂલને નવા સાજ-શણગાર સાથે જોઈને સ્કૂલની પ્રગતિનો આનંદ માણી શકે.

બીજો મહત્વનો પ્રોજેક્ટ **''સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટર''** ખૂબ જ મર્યાદિત સમયમાં એટલે કે માત્ર સાડાચાર મહિનામાં કાર્યરત થઈ ગયેલ છે. **ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો) શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ (લખિયારવાડો)** ની અથાક મહેનતથી પાટણ સમાજનો આ પ્રોજેક્ટ એક યશકલગી સમાન બની ગયો છે તેનું ગૌરવ શ્રી પાટણ જૈન મંડળને ફાળે જાય છે.

આપણા સમાજના સાધર્મિક પરિવારો અને તેમની આજુબાજુમાં રહેતા અન્ય પરિવારો, મિત્ર વર્તુળો વિગેરેનો વિશેષ પ્રકારે સંદેશો આપીએ કે હવે આ સેન્ટરમાં વિવિધ ડોક્ટરો

Cont. page 2

આવે છે, બધાજ પ્રકારના રિપોર્ટ્સ પણ કઢાવી શકો છો ને ઉત્તમ લાભ લઈ શકો છો. નવા નવા ડોક્ટરો પણ Appoint થઈ રહ્યા છે. Best of Best મશીનો છે જેનાથી સુંદર પરિણામ મળી રહ્યું છે પરંતુ આપ સહુનો સાથ-સહકાર જો વધારે મળે તો **''શ્રી પાટણ જૈન મંડળ''નું** નામ પુરા મુંબઈમાં રોશન થાય જેનો પ્રતિભાવ સમગ્ર જૈન સમાજમાં દેખાય.

પુનઃ પુનઃ દાતા પરિવારોની અનુમોદના. આપ સર્વેના સહયોગથી જ આ પ્રોજેક્ટ તૈયાર થયો છે અને વર્તમાન સમયમાં સારી સંખ્યામાં લોકો લાભ લઈ રહ્યા છે. **દાતા શ્રી હરેશભાઈ બાબુલાલ શાહનું** માતબર રકમનું દાન પ્રાપ્ત થવાથી જ સૌરભ ઈમારત ઊભી થઈ છે. પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉત્તમ પ્રકારે વૈયાવચ્ચ કરવી છે નવી જગ્યામાં નવા ડીપાર્ટમેન્ટ પણ શરૂ કરવા છે તો દાતાઓને અપીલ કરીએ છીએ, આ ભગીરથ કાર્યમાં સાથે જોડાઈ જાવ.

આપણું એક બીજું પણ મહત્વનું વિઝન સાધર્મિક પટણીઓને સ્વમાનભેર તેમને આર્થિક રીતે ઊભા કરવા. તેમની જરૂરિયાત મુજબ સહાય કરીને તેમને મજબૂત કરવા આ માટે **જીવન નિર્વાહની** જે સ્કીમ મુકવામાં આવી હતી તેમાં **શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (કેશુશેઠનો પાડો), શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)** તેમના દ્વારા અપાયેલી માતબર રકમના દાન દ્વારા આ કાર્ય પણ સારી રીતે ચાલી રહ્યું છે અને સાથે સાથે આ ભગીરથ કાર્ય સંભાળીને ખૂબજ સારો સાથ સહકાર આપી રહ્યા છે અને દાતાઓનો પણ સહકાર તો મળી રહ્યો છે, છતાં પણ દિન-પ્રતિદિન વધતી જતી મોંઘવારીના કારણે તેમજ શિક્ષણ અને મોટી માંદગી સાથે આવા પરિવારોને ઘરગૃહસ્થી સંભાળવી મુશ્કેલ પડે છે તો સમાજના સુજ્ઞ દાતાઓને અપીલ છે કે આપણા સમાજના આ પરિવારો તરફ ધ્યાન આપી તેમની આર્થિક પરિસ્થિતિમાં સહાય કરી, શાતા આપીએ, તેમનું જીવન ઉજાગર કરીએ.

**તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ સાંજના ૪ કલાકે શિખરજી યાત્રા પ્રવાસમાં** જોડાનાર યાત્રિક ભાઈ-બહેનોએ સમયસર ગરવારે ક્લબમાં (ચર્ચગેટ) ઉપસ્થિત રહેવાનુ છે. ઘણી ઘણી મહેનત કરીને કાર્યકર્તાઓએ આયોજન પાર પાડ્યું છે ત્યાં તમને તમારી ટિકિટ સાથે અન્ય જરૂરી સૂચનાઓ તેમજ વિગતવાર માહિતી આપવામાં આવશે. કીટ પણ આપવામાં આવશે, આપ સર્વે યાત્રિકોનો ખૂબ જ સારો અને સુંદર સાથ સહકાર મળશે તેવી અમારી આશા છે. આપનો સહયોગ બહું જરૂરી છે. જેથી આપણી આ યાત્રા સુખરૂપ નિર્વિઘ્ને પૂર્ણ થાય. જેટલી બને તેટલી સારી સગવડો આપવાના પ્રયત્ન કર્યા છે. આખી યાત્રાની માર્ગદર્શિકા અને તમને આપવામાં આવેલી સૂચનાઓનો સંપૂર્ણપણે અમલ કરવા વિનંતી છે.

**તા. ૬ જાન્યુઆરી થી PPL Tournament** શરૂ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં **૮ મેચો થઈ ગઈ છે, શ્રી રોહિતભાઈ એમ. શાહ...** ના નેતૃત્વમાં એમની ટીમ બહુજ સુંદર કામ કરી રહી છે સાત ટીમમાં ટોટલ **૧૩૦ જેટલા પ્લેયર્સ** રમી રહ્યા છે, બધી ટીમમાં એક સરખા પ્લેયર્સ છે નવા નવા યંગ પ્લેયર્સ ટીમમાં જોડાયા છે એ બહુ આનંદની વાત છે. હું ગર્વ અનુભવી રહ્યો છું કે આવનારા સમયમાં આમાથી જ સારા કાર્યકર્તાઓ સંસ્થાને મળી રહેશે.

**તા. ૧૬ જાન્યુઆરી,** મંગળવારના રોજ શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સૌરભ મેડિકલ હેલ્થ કેર પ્રોજેક્ટ હેઠળ **બોરીવલી રતન નગર** બિલ્ડીંગ નં. એ-૨૩માં ગ્રાઉન્ડફ્લોર પર **ત્રીજુ બ્લડ કલેક્શન સેન્ટર** શરૂ કરવામાં આવ્યું છે, જેનો લાભ આજુબાજુમાં રહેતા એરિયાના લોકોને સરળતાથી મળી જશે. કાંદિવલી, બોરીવલી, દહિસર, ભાયંદર વિગેરે પરાના લોકો આ સેવાનો લાભ લઈ શકશે.

માર્ચમાં બે વર્ષ પુરા થવાની તૈયારી છે હું મારી જાતને બહુ પુણ્યશાળી માનું છું કે આ સમય દરમ્યાન મને દરેક પટણીઓનો અપાર પ્રેમ મળ્યો છે, દાનવીર દાતાઓએ અપાર દાનનો ધોધ વહાવીને આપણા બધાજ પ્રોજેક્ટને સફળતા અપાવીને સંસ્થાને વધુ જોમવંતી બનાવી વિકાસ કરવામાં સહકાર આપ્યો છે. હું તેમનો વિનમ્ર ભાવે આભાર માનું છું. આગળ પણ આવી જ રીતે દાન આપીને સાથ સહકાર આપીને બાકીના પ્રોજેક્ટો ઊભા કરવામાં ભાગીદાર બનશો. હજુ આપણે ઘણા મોટા કાર્યો કરવાના છે એજ રીતે કાર્યકર્તાઓની ટીમે પણ સતત સાથ આપ્યો છે અને આપતા રહે છે, પણ હજુ વધારે જોરમાં તેમનો સાથ સહકાર જોઈશે.

**પેરેમાઉન્ટ હેલ્થકેર** દ્વારા આપણા મેમ્બર્સોને જે મેડિક્લેઈમ ઈન્સ્યુરન્સની ફેસેલીટી મળે છે તે માટે **શ્રી શૈલેષભાઈ સાલવી** (સાલવી વાડો) તથા **શ્રી રીકીનભાઈ શાહ**ની મહેનતને આભારી છે.

અંતમાં હું એટલું ચોક્કસ કહીશ કે આપણા પ્રથમ **ઉપપ્રમુખ શ્રી જનકભાઈ શાહની** બહુજ ખોટ લાગી રહી છે એની સંનિષ્ઠતા અને સંસ્થાને પુરેપુરા સમર્પિત રહીને કાર્ય કરવાની સુઝબુઝની પ્રસંશા કરવી પડે. મારો પટણી સમાજ જીવનમાં સુખી રહે એવી એની લાગણી રહેતી. આવો કાર્યકર્તા ભગવાનને પ્યારો થઈ ગયો છે. હું સદાય મારા અંગત મિત્ર સાથેની લાગણીને ભુલીશ નહીં. પરમાત્મા પાસે પ્રાર્થના કે દિવંગતનો આત્મા જ્યાં હોય ત્યાં એમના આત્માને સદ્ગતિ મળે.

**અસ્તુ**

## તંત્રી સ્થાનેથી...

**ભારતી શાહ**



# આભાર.... *Thank You*.... કૃતજ્ઞતા

## *Grditude is the Best Attitude*

મારા પ્યારા વાચક મિત્રો !

પ્રણામ !

**જાન્યુઆરી ૨૦૨૪નો** અંક આપ સહુનાં કરકમળમાં આવશે તેની ગણતરીનાં જ દિવસોમાં મકરસંક્રાંતિ અને ૨૬ જાન્યુઆરી ભારતદેશનો પ્રજાસત્તાક દિનની ઉજવણી સંપન્ન થઈ ગઈ. આ વર્ષના પ્રારંભમાં જ ભારત **સ્પેસ એજન્સી ઈસરોએ** એક નવો ઈતિહાસ સર્જયો છે. ૨૦૨૪ના પ્રથમ દિવસે જ **ઈસરોનું એકસપોસેટ મિશન** સફળતાપૂર્વક લોંચ કરનારો ભારત અમેરિકા બાદ વિશ્વનો બીજો દેશ બન્યો છે. આ ઐતિહાસિક મિશનનો ઉલ્લેખ કરીને **વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ** વૈજ્ઞાનિકોને અભિનંદન આપી દેશનું ગૌરવ અને ગરિમા વધારવા માટે આભાર માન્યો હતો. આ જ રીતે **તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૪નાં** દિવસે વડાપ્રધાને ભારતના સમુદ્ર પરના સૌથી લાંબા બ્રિજ ટ્રાન્સ હાર્બર લિંકને ખુલ્લો મુકીને રાષ્ટ્રને સમર્પિત કર્યો. **નહાવા-શેવાને જોડતા આ પુલને સ્વ. વડાપ્રધાન અટલ બિહારી વાજપેઈનું નામ આપવામાં આવ્યું છે.** આ બ્રિજને તૈયાર કરવામાં ૨૦૧૬ થી ૨૦૨૪ સુધી જેટલા એન્જિનિયરો અને કામદારોએ સતત પરિશ્રમ ઉઠાવ્યો છે તેઓનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. **તા. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪** સમગ્ર વિશ્વ માટે એક ઐતિહાસિક ઘટના બની રહેશે કેમકે તે દિવસે **અયોધ્યામાં રામ લલ્લા મંદિરની** આન-બાન-શાન સાથે પ્રતિષ્ઠા થઈ ગઈ. ખૂબ ખૂબ અભિનંદન વડાપ્રધાન મોદીને.

તાજેતરમાં જય વસાવડા (લેખક)ની કલમે એક બહુ જ સરસ ઘટના જાણવા મળી. વિશ્વની સરટોચની સેલિબ્રિટીઓની યાદીમાં આવે એવું બહુ જ મોટું નામ એટલે ક્રિસ્ટીઆનો રોનાલ્ડો. ફૂટ બોલરનો સરતાજ, અઢળક કમાણી અને પોપ્યુલારિટી કોવિડ પહેલા લેવાયેલા એક ઈન્ટરવ્યુમાં દિલના તાર ઝણઝણાવે એવી એક વાત રોનાલ્ડોએ કરી. આજે તો સાઉદી અરેબિયામાં રહે છે તેની નેટવર્ક ૮૦૦૦ કરોડની છે. મૂળ પોર્ટુગલમાં એ દારૂણ ગરીબીમાં ઉછરેલો પિતા આલ્કોહોલિક, મા બીજાને ત્યાં રસોઈ કામ કરી ચાર સંતાનોનો ઉછેર કરે. રોનાલ્ડોને તો રેકિકાર્ડિયા નામની હૃદયની બીમારી પણ જન્મજાત હતી. જેમાં હાર્ટબીટ્સ અનિયમિત થઈ જાય. ૧૫ વર્ષની ઉંમરે એની સર્જરી થઈ ને મક્કમ મનોબળ અને સખત મહેનતથી આજે એ મોંઘેરો ફિટનેસ આઈકોન પણ બની ગયો. પણ ત્યારે એ પોર્ટુગલના લિસ્બનમાં બારેક વર્ષના છોકરા તરીકે ફૂટ બોલ રમવા દોસ્તો સાથે જતો.

આખી સાંજ પરસેવો પાડીને રમી રમીને એને કકડીને ભૂખ લાગતી પણ ખિસ્સા તો ખાલી હોય, ત્યાં મેદાનની નજીક એક નાનકડું મેકડોનાલ્ડ્સ હતું. જ્યાં એક એડના નામની સ્ત્રી નોકરી કરતી. રાત્રે એનો પતિ એને તેડવા આવે ત્યાં સુધી એ રેસ્ટોરામાં રોકાતી. આખા દિવસના વેચાણ પછી વધેલા બર્ગર હોય એ ફૂટબોલ રમીને આવતા રોનાલ્ડોને ને બીજા બે-ત્રણ છોકરાઓને મફતમાં આપી દેતી. પોતાની નોકરિયાત તરીકેની ક્રેડિટમાં નાખીને દાન આપી શકવાની તેની ત્રેવડ નહોતી. પણ ભૂખ્યા ગરીબ બાળકોને ખાવાનું આપી દે. રોનાલ્ડો નિયમિત ફ્રી બર્ગર લેવા એડના પાસે જતો. બીજી પણ બે મહિલા કર્મચારીઓ પણ એડનાનું જોઈ ફુટબોલ રમવા આવતા છોકરાઓની ભુખ સંતોષતી.

વર્ષો પછી ૨૦૧૯માં સફળતાના એવરેસ્ટ પર ઉભેલા મહાશ્રીમંત અને મેગા ફેમસ રોનાલ્ડોનો સ્થાનિક પત્રકારોએ ઈન્ટરવ્યુ લીધો તેમા ભીની આંખે આ ઘટના યાદ કરી. એડના અને એ બે સ્ત્રીઓ આજે ક્યાં છે તે મને ખબર નથી પણ નેવર એવર હું એમને કદી નહીં ભુલી શકું. મને ઘણાં ઝાકઝમાળ કહેવાય એવા લોકો મળ્યા છે, પણ આ માયાળુ એડના એ જે ભુખ ભાંગી હતી તે પળો નિયમિત રીતે મારા મનમાં કાયમ રહેશે. કારણ એટલું જ કે તેમાં સ્વાદ ફક્ત બર્ગરનો નહોતો કરૂણા અને ભલાઈનો, ઉદારતા અને પ્રેમનો પણ ભળ્યો હતો.

આ ઈન્ટરવ્યુનો વિડિયો વાયરલ થયો અને મોટી ઉંમરની થયેલી એડનાએ જોયો. એની ભાળ રોનાલ્ડો સુધી પહોંચી અને કોઈપણ શ્રીમંતાઈ કે મોટાઈ દર્શાવ્યા વગર રોનાલ્ડો એડનાને ખૂબ ભાવથી મળ્યો. એની સાથે પ્રાઈવેટ ફેમિલી ડિનર ગોઠવ્યું.

એડના પોતાનું રેસ્ટોરા ખોલવા માગતી હોય તો એ ખોલી દેવા સુધીની સહાયની સંપૂર્ણ તૈયારી બતાવી. એડનાએ પણ ગદગદ થઈને કહ્યું કે, ''તું આટલા ઉચ્ચ સ્તરે પહોંચ્યા બાદ મને યાદ રાખવા જેટલો વિનમ્ર રહ્યો એ પણ કેટલી બધી મોટી વાત છે. મેં તો કોઈ વળતરની અપેક્ષા તો રાખી જ નહોતી. આટલા બધા વર્ષો અને આટલી બધી સિદ્ધિઓ પછી પણ એ યાદ રાખ્યું તે તો બહુ ગજબ કહેવાય. મને શું ખબર કે ફૂટબોલ રમીને જે ગરીબ છોકરાઓને મફત ખવડાવતી એમાનો એક આવડો મોટો સુપર સ્ટાર બની જશે !

Thats Greatitude કૃતજ્ઞતા

ઘણીવાર ભલાઈનું સારું કામ કરનાર લોકો એનો મોળો પ્રતિસાદ જોઈને હતાશ થઈ જતાં હોય છે, પણ કોને ખબર છે કે તમારી સામે આજે જે સામાન્ય લાગતા લોકો બેઠા હોય એમાંથી બધા નહીં તો કોઈ એક આવતીકાલે અસામાન્ય થઈ જશે પણ દિલના તાર મેળવી દે એવી અનુકંપાની જે અનુભૂતિ હોય એ તો છવાઈ ગઈ હોય.

રોનાલ્ડો તો પ્રસિદ્ધિના ગુરુ શિખરે પણ ભૂલી ના શક્યો આ છે કમ્પેશનની ભલાઈના સહજ સત્કાર્યની તાકાત એના પોસ્ટર ના છપાય તો પણ એ કોઈક હૃદયમાં, મનમાં ઘર વસાવી લે છે.

Cont. page 4

માણસાઈની મધુર મોમેન્ટસ એક્ચ્યુઅલી એ વાઈપરનું કામ કરે છે જે મનના કાચ પર બાઝેલી બીજી બધી કડવાશ કે હતાશાના ધૂળિયા ભેજને સાફ કરી જીવન થોડું ચોખ્ખું બનાવી દે છે માટે એ આપણા મનનાં મેલ ધોવા માટે જરૂરી છે.

**આભાર માનતા એ ઋણ ક્યારે ચૂકવીશ એવી ભાવના રાખવી.**

**આ નવા વરસે કોઈના દિલમાં જગ્યા બનાવીએ તો એનાથી ઉત્તમ શું જોઈએ ?**

**પરમાત્મા કહો કે કુદરત કહો એનો આપણા પર તો ઉપકાર છે જ. એટલે જે સારું કરે છે એની જોડે સારા થવાનું ભુલવા જેવું નથી.**

**મેસેજ ફોરવર્ડ કરવા કરતા થોડાક નવા જગતમાં જવા જેટલાં આપણે ફોરવર્ડ થિન્કીંગ ધરાવતા થઈએ તો પણ સારું છે.**

**Cheears 2024**

## ચાણક્યનાં જીવનમંત્રો



- શુભ અને શીઘ્રતાથી કરવાના કામો માટે ચોઘડીયા જોવાના ન હોય.
- બધુ જ અનિત્ય છે.
- કોયલનું સૌંદર્ય તેના સ્વરમાં, સ્ત્રીઓનું સૌદર્ય તેની પતિવ્રતામાં, કદરૂપા લોકનું સૌદર્ય તેમની વિદ્યામાં અને તપસ્વીઓનું સૌદર્ય તેમની ક્ષમામાં હોય છે.
- કયા કુળમાં દોષ નથી? રોગથી કોણ પીડાતું નથી? દુઃખ અને મુશ્કેલીનો સામનો કોણે કરવો પડતો નથી? સદાય સુખી કોણ રહે છે?
- બાળકને, પુત્રને અને શિષ્ય ને વધુ પડતા અને ખોટા લાડલડાવવાથી તે બગડી જાય છે બલકે શિક્ષા આપવાથી તેનો વિકાસ થાય છે.
- સમર્થ અને શક્તિશાળી મનુષ્ય માટે કોઈપણ કાર્ય મુશ્કેલ નથી. વ્યાપારીઓ માટે કોઈ પણ સ્થાન દૂર નથી. વિદ્વાનો માટે કોઈપણ દેશ-પરદેશ નથી, અને જે વ્યક્તિની વાણી મધુર છે તેને માટે કોઈ પારકું નથી.
- જ્યાં કોઈ શેઠ, વેદપાઠી વિદ્વાન, રાજા, વૈદ્ય અને કોઈ નદી ન હોય ત્યાં એક રાત કે દિવસ પણ રહેવું નહીં.

**ચાણક્ય:-**

હાથમાં એક પણ પ્રકારનું હથિયાર ઉઠાવ્યા વગર જ એક સામાન્ય શિક્ષકે એક આખી સત્તા ઉથલાવી નાખી. નંદવંશનો નાશ કરી મૌર્યવંશની સ્થાપના કરી. એજ શિક્ષક હતો કૌટિલ્ય અને કૌટિલ્ય એટલે જ ચાણક્ય જેનું મૂળ નામ આચાર્ય વિષ્ણુગુપ્ત જે પિતાના ચણક નામ પરથી ચાણક્ય કહેવાય. આ ચાણક્યની નીતિ સમાજ, રાજ્ય, અર્થ, ધર્મ-એમ જીવના દરેક પાસાને સ્પર્સતી હતી. ચાણક્યનું જીવન સાદુ અને સંયમી હતું. જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય તેનું રટન કરીને કોઈને કહ્યા વિના તે કાર્ય શરૂ કરી દેતો તેનો ઢંઢેરો પીટતો નહીં. ચાણક્યના જીવન મંત્રો આપણને સહુને માટે એક આદર્શ પંથરૂપે બની રહે છે.


**Export-Import Management**

By Economic Upliftment




Patni brothers and sisters,

- Are you wondering how to start an export or import business?
- Want to expand your knowledge about exporting and importing?
- Want to develop an export and import business?

So, Shree Patan Jain Mandal, Invites you to join the Export Import Management Course.

Course - Export Import Management Course - Batch – 2
Venue - Sri Patan Jain Mandal, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai - 400020
Day - Every Tuesday from 12th December 2023 (15 weeks)
Timings - 7.00 pm to 9.00 pm (2 hours)
Duration - 15 for Tuesdays
Total number - up to 30 persons only
Fee - None
Deposit – Rs. 2000/- (Registration is refundable if the following condition is fulfilled)
1) Registration fee will be refunded to those whose attendance is more than 80% = 12+ class.
2) Certificate will be issued on successful completion of the course.

Faculty - Shri Ajit Shah (Limdi Pado)
He is well experienced in the field of education, the course will be conducted by Mr. Shah. Involved in Exports - He has given several lectures on Imports on a day-to-day basis. Conducted seminars and solved practical problems of export-import.

Registration Link - https://bit.ly/pjmeximbatch2

Don't hesitate to contact for more details
Hitesh Shah - 9820070208 | Bhavik Shah - 7666676701

Please share with your group, family members and friend who will benefit from this.

## અભિનંદન





**Shri Amit Bhai (Bhuj) Lt Governor of State Mr. Denny Heck, Shri Viraj Nignesh Shah (Kanasano Pado)**

**Shri Viraj Nignesh Shah** of Kanasano Pado extends his sincere appreciation to the Offices of Lieutenant Governor Denny Heck and Senator Manka Dhingra for granting him the extraordinary opportunity to represent the Jain community in Washington State. He delivered a prayer at the commencement of the 2024 Senate legislative session. It was a humbling honour to convey words of invocation on behalf of the entire Jain community in the United States and across the globe. This significant occasion underscores a commitment to inclusivity and amplifying diverse voices within the United States which is a shining example of respecting a spectrum of opinions.

## SUCCESS STORY EXPORT THE FUTURE



**Hardik Bhadreshkumar Shah** is 35 Years old of Manyati Pado currently residing in Kandivali. He Participated in the first batch of Export Import Training at marine Drive under the guidance of coach shri Ajit shah, Limdino Pado

He embarked on this journey without much knowledge of Export & Import. After completing the course, he implemented everything he learned over 15 sessions, and today He has begun his journey of Exporting Foods, Grains, Fruits and Vegetables.

We wish him all the success and prosperity.



# શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય-પાટણ ખાતે આયોજિત

## :: '' ત્રિ-દિવસીય સ્પંદનોત્સવ '' ::

**''સ્પંદનોત્સવ'' એટલે સ્પંદનોનો ઉત્સવ બીજા શબ્દોમાં કહીએ તો હૃદયમાં ઉઠતી લાગણીઓનો સાગર. ખરેખર નામને સાર્થક કરતો કાર્યક્રમ માણવાનો અવસર. પ્લે ગૃપથી પ્રાથમિક-માધ્યમિક વિભાગના બાળકો દ્વારા યોજાયેલ એક અદ્‌ભુત કાર્યક્રમ**

શ્રી બી.ડી.એસ. વિદ્યાલય, પાટણ ખાતે દર વર્ષે ડિસેમ્બર માસમાં **''એન્યુઅલ ડે''** નિમિત્તે **''સ્પોદનોત્સવ''**નું આયોજન કરાય છે, જે મુજબ આ વર્ષે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા એપ્રિલ ૨૦૨૪માં પાટણ ખાતે શરૂ થનાર **''ટી. ડી. સ્માર્ટ વિદ્યાલય''**ની જાહેરાત અર્થે **તારીખ ૨૩ થી ૨૫ ડીસેમ્બર ૨૦૨૩ દરમિયાન** વિદ્યાલય તથા કોલેજના વિશાળ કેમ્પસમાં **''સ્પંદનોત્સવ''** કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો

આ નિમિત્તે **''વંદે ભારતમ્''** શિર્ષક હેઠળ પ્રાચીન ભારતથી અર્વાચીન ભારત દર્શન કરાવતુ પ્રદર્શન (એક્ઝીબીશન)તેમજ રોજ રાત્રે બે કલાકના સાસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત પ્રાચીન ભારતથી વર્તમાન ભારતની આઝાદી અને પ્રગતિના સૂત્રધારોના યોગદાનની વિદ્યાર્થીઓ દ્વારા લાઈવ રજૂઆત દર્શાવતા ત્રિ-દિવસીય કાર્યક્રમે લોકોના મન મોહિત કર્યા હતા.

**કચ્છ દર્શન હોય કે રાજસ્થાન મારવાડ, આદિવાસી રહેણીકરણી હોય કે હથિયાર પ્રદર્શન... લાજવાબ!** રામસેતુ અને વૈષ્ણોદેવી કે અમરનાથ અને બાર જ્યોતિર્લિંગ, નવ નિર્મિત અયોધ્યાનુ રામ મંદિર, દરેક સ્થળે લીધેલ મહેનત ઉડીને આંખે વળગી રહી. શત્રુંજય ગિરીરાજ અને રાણકી વાવની પ્રતિકૃતિ બિરદાવવા માટે તો શબ્દો પણ ઓછાં પડે. સાથોસાથ ભારતનું સીમાચિન્હ સમાન ચંદ્રયાન અભિયાન ઈસરોને પણ સામેલ કરતાં રાખેલ અવકાશયાત્રીનું સેલ્ફી પોઈન્ટ પણ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું.

બિન જરૂરી ટાયરોને સજાવી / શણગારી / સુશોભિત કરીને બનાવેલા હિંચકા તો આબાલવૃદ્ધ સહુ માટે એક નવલું નજરાણું બની રહ્યા. આજનાં મોબાઈલ ગેમ્સના યુગમાં એક સમયમાં રમાતી, મજા માણતાં થાકીએ નહિ એવી સદંતર વિસરાઈ ગયેલ રમતો જેમ કે ગિલ્લી દંડા, કંચા લખોટીઓ, રેતમાં પણ ભમરડા ફેરવવા, કોડીઓની રમત આદી રમતાં ભૂલકાઓને જોતાં લોકો શૈશવ કાળમાં સરી પડયા હતાં.

છોગામાં રંગમંચ પર અવિરત ભજવાતું રામાયણ અને મહાભારત, દેશની આઝાદી લડતના ઘડવૈયાઓ મંગલ પાંડે, સુખદેવ, રાજગુરુ અને ભગતસિંહ, છત્રપતિ શિવાજી મહારાજ, ઝાંસીની રાણીની યશોગોથા, રાજસ્થાની નૃત્ય, ગરબો, ભારત નાટયમ, ભાંગડા, પ્રસ્તુત કરતી **''વંદે ભારતમ્''** થીમ આધારિત નાના ભૂલકાઓથી માંડીને મોટા કલાકારોની ઉત્કૃષ્ટ કળા પ્રદર્શન દરેકે દરેક રજૂઆત ખરેખર સદૈવ  સ્મરણીય બની હતી.  પ્રેક્ષકો તેના માટે Standing Ovation આપ્યા વિના રહી શક્યા નહોતા, જેમાં પણ વિશેષ ઉલ્લેખનીય રજૂઆત એટલે પ્લે ગૃપના બાળકો દ્વારા રજુ થયેલ પિતા-પુત્ર શહિદ થયાની પ્રસ્તુતિ જોઈ લોકોના હૃદયભીના થઈ ગયા હતાં.

આ કાર્યક્રમ દરમિયાન શાળાનો વાર્ષિક અંક **''સૌરભ''**નું તેમજ શાળાકીય પ્રવૃતીઓને વાચા આપતું સને ૨૦૨૪ ના વર્ષનું **''કેલેન્ડર''**નું વિમોચન કરવામાં આવ્યું હતું. ઉપરાંત શાળામાં વિવિધ ક્ષેત્રે જળહળતી સિદ્ધિઓ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું પારિતોષિક આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.

જ્યાં બાળકો હોય ત્યાં રમત ગમતના સાધનો તો રહેવાનાં જ તે ઉક્તિ મુજબ ડ્રેગન કાર, ટોરા ટોરા, જાઈન્ટ વ્હિલ , મેરી ગો રાઉન્ડ ઈત્યાદિની અલાયદી વ્યવસ્થા પણ નાના બાળકો તથા મોટેરાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ક્ષુધા તૃપ્તિ માટે માત્ર જૈન ફાસ્ટ ફૂડની વાનગીઓનો સ્ટોલ રાખવામાં આવેલ. જયારે બહોળી સંખ્યામાં આમંત્રિતો તથા શહેરીજનોની હાજરી રહેવાની હોઈ કાર, સ્કુટર તથા સાઇકલ વિગેરેની પણ જાતે દેખરેખ લઈ સુયોગ્ય પાર્કિંગ વ્યવસ્થા તૈયાર કરવામાં આવેલ. આટલી મોટી સંખ્યાની ઉપસ્થિતિ જોઈ પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા ઉચ્ચ અધિકારી સહિતની પોલીસ સુરક્ષા વ્યવસ્થા રખાઈ હતી.

આ ત્રણ દિવસ દરમ્યાન આયોજીત વિવિધ કાર્યક્રમોમાં પાટણ **જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી, પોલીસ કમિશ્નર શ્રી, ડેવલોપમેન્ટ અધિકારીશ્રી, (ડીડીઓ), પાટણ નગરના મેયર શ્રી , લશ્કરના કર્નલ અધિકારીશ્રી, પદમશ્રી એવોર્ડ પ્રાપ્ત શ્રી માલજીભાઈ દેસાઈ** સહિત અનેક મહાનુભાવોની અતિથિવિશેષ તરીકે ઉપસ્થિતિ તેમજ મુંબઈથી પાટણ પધારેલા સંસ્થાના ઉચ્ચ હોદ્દેદારો તથા અનેક પટણી પરિવારોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. સોનામાં સુગંધ સમા પાટણ જિલ્લાના સ્કુલના ત્રણસો પ્રિન્સીપાલ તથા સંચાલક મંડળના સભ્યોનો સેમિનાર તથા જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા અન્ય કાર્યક્રમો પણ કોલેજ કેમ્પસમાં આયોજિત કરાયા હતા. જેમા સંસ્થાના **ટ્રસ્ટીશ્રી પ્રદિપભાઈ, કોલેજના આચાર્યશ્રી કમલભાઈ** તથા સમગ્ર સ્ટાફની ઉપસ્થિતિ રહી હતી.

આ ભવ્ય આયોજનને માણવા ત્રણ દિવસ દરમિયાન પાટણના પ્રતિષ્ઠિત નગરજનો, અન્ય સ્કુલના વિદ્યાર્થી તેમજ તેમના પેરેન્ટસ તથા બહારગામની સ્કુલના વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી. રોજ લગભગ આઠથી દસ હજારની સંખ્યામાં જનમેદની ઉમટી હતી. કુલ પચ્ચીસ હજારથી વધુ ભાઈ બહેનો તથા વિદ્યાર્થીઓએ મુલાકાત લેતા આયોજકોના ઉદ્દેશ સિદ્ધ થવા પામ્યો હતો તેનો સવિશેષ આનંદ છે. આ કાર્યક્રમ નિહાળી પ્રભાવિત થનાર પ્રેક્ષક વર્ગ તરફથી વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકગણને સન્માનરૂપે મોટી રકમ ભેટમાં મળી હતી.

આ વિશાળ આયોજનના સંપૂર્ણ યશના ભાગીદાર એવાં દુરંદેશી **પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા), ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જે શાહ, માનદમંત્રી શ્રી ભરતભાઈ સી શાહ** તેમજ આયોજનના પ્રણેતા અને માર્ગદર્શક **આચાર્ય શ્રી બળદેવભાઇ દેસાઈ** તેમજ તેમના ખભેખભા મિલાવી ચાલતા **શ્રી પસાભાઈ, પ્રાથમિક વિભાગના પ્રિન્સીપાલ શ્રી હિરાભાઇ, મુખ્ય કન્વીનર શ્રી મુકેશભાઈ હિરવાણીયા તેમજ સમગ્ર પ્રોગ્રામના કોરિયોગ્રાફર શ્રી શક્તિભાઈ** તથા શાળાના સમસ્ત કન્વીનર શિક્ષક-શિક્ષિકાઓથી લઈને નાનામાં નાના કર્મચારીઓએ છેલ્લા અઢી મહિનાથી અધિકનો સમય અને શક્તિ પ્રદાન કરી ઝીણામાં ઝીણી વિગતોની ચીવટ લઈ આયોજન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં લોકલ સમિતિના **શ્રી ધીરુભાઈ શાહ, શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ડૉ. અતુલભાઈ, ડૉ રાકેશભાઈ, શ્રી કેતનભાઈ પટેલ, શ્રી કમલેશભાઈ શાહ, શ્રી હરનીશભાઈ શાહે** ખુબજ જહેમત ઉઠાવી હતી. અતિ સુંદર એવા કાર્યક્રમ બદલ સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

છેલ્લે વિશાળ પટાંગણમાં મુકાયેલી લગભગ ૩૦ થી વધુ વિવિધ ઝાંખીઓ અને રંગમંચ ઉપરની રજુઆત માટે એક વાક્યમાં સારાંશ કહેવું હોય તો તખ્તા ઉપરથી ભારત માતાનું પાત્ર ભજવતી કલાકાર દ્વારા બોલાયેલા **''એકતામાં અનેકતા ને અનેકતામાં વિવિધતા''** રજુ કરી એક જ સ્થળે સમગ્ર ભારત દર્શન કરાવતો કાર્યક્રમ એટલે **''સ્પંદનોત્સવ''.**



ટી.ડી.એસ.વી. સ્માર્ટ સ્કુલના દાતાશ્રી ત્રિભોવનભાઈ પટેલ



જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી અશોકભાઈ ચોધરીનું આગમન



પાટણના મેયર શ્રીમતી હીરલબેન પરમાર અને પ્રમુખશ્રી દાનેશભાઈનું સ્વાગત

# અતિથિઓનું આગમન, સ્પંદનોત્સવનું ઉદ્‌ઘાટન



પદ્મશ્રી માલજીભાઈ દેસાઈ ગાંધી આશ્રમ - ઝીલીયા



ઉદ્‌ઘાટન કરતા ડી.ઈ.ઓ. શ્રી અશોકભાઈ, પ્રમુખશ્રી દાનેશભાઈ તથા ડી.વાય.એસ.પી. શ્રી પટેલ સાહેબ



લશ્કરના લેફ્ટનન્ટ કર્નલ શ્રી નિતીનભાઈ જોશી

# એક્ઝીબીશનની એક ઝલક

















# વંદેભારતમ્ સ્ટેજ પ્રોગ્રામ











સ્પંદનોત્સવ સંપૂર્ણ કાર્યક્રમને તૈયાર કરનાર કન્વીનરો તથા હોદ્દેદારો અને લોકલ સમિતિ

# સ્પંદનોત્સવના મહેમાનોનું અભિવાદન

















## શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા માટે દાનની વિજ્ઞપ્તિ



**સમાજના દાતાશ્રીઓનો અદ્‌ભુત પ્રતિસાદ**
**રૂા. ૫ કરોડના પ્રોજેક્ટ સામે લગભગ રૂા. ૩.૭૨ કરોડની દાન ઉપલબ્ધી.**

| | |
|---|---|
| શાળાના મુખ્ય દાતા શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ | રૂા. ૧,૫૧,૦૦,૦૦૦/- |
| ગત પ્રતિબિંબ અંકોમાં પ્રકાશિત થયા મુજબ | |
| ◆ ૧૪ ક્લાસરૂમના દાતાશ્રીઓ | રૂા. ૯૮,૦૦,૦૦૦/- |
| ◆ કોમ્પ્યુટ રૂમ, સિદ્ધહેમ લોબી, લાયબ્રેરી, સ્ટાફરૂમ, પ્રિન્સીપલ રૂમ, સંગીત રૂમ, આર્ટ રૂમ, બાલવાટીકા, વિઝિટર્સ રૂમ, વોટર રૂમ, કેન્ટીન વિગેરે વિભાગના દાતાશ્રીઓ | રૂા. ૧,૧૭,૫૦,૦૦૦/- |
| કેન્ટીન : શ્રીમતી કાંતાબેન નાનકચંદ મોતીચંદ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રિતીબેન પરેશભાઈ શાહ | રૂા. ૫,૫૦,૦૦૦/- |
| **દાતાશ્રીઓની અનુમોદના - સહ અભિનંદન** — કુલ રકમ | રૂા. ૩,૭૨,૦૦,૦૦૦/- |

**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો... આજેજ જોડાઓ...**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**૨૯ સ્કીમો માટે દાતાશ્રીઓ પ્રાપ્ત છે, બાકી રહેલી ૬ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ◆ Science Lab | 1 | ... | 25,00,000 | ◆ Conference Room | 1 | ... | 30,00,000 |
| ◆ General Lab | 1 | ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 1 | ... | 30,00,000 |
| ◆ Sidhahem Lobby | 1 | ... | 10,00,000 | ◆ Lift each | 2 | ... | 5,50,000 |

**નૂતન પ્રાથમિક સ્કુલ પ્રોજેક્ટમાં નાનાથી મોટા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થિઓ તથા પટ્ટણીઓ વિદ્યાદાન આપી જોડાઈ શકે તે હેતુથી નીચે મુજબની યોજના જાહેર કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.**

| GOLDEN STONE | SILVER STONE |
|---|---|
| Scheme | Scheme |
| 2,00,000/- (રૂા. ૨ લાખ) | 1,00,000/- (રૂા. ૧ લાખ) |
| જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે. | જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે. |

ગોલ્ડન સ્ટોનના દાતા — સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રકુમાર શાહ (કનાસાનો પાડો)
સિલ્વર સ્ટોનના દાતા — શ્રીમતી મધુબેન કાંતિલાલ ભોગીલાલ પરિવાર
હ. શ્રી શૈલેષભાઈ કે. શાહ (ભચાઉ)ઋદ ડટ્ટ ધથ્ત્ટ્ટઠઠ્દ્ઢ ઢટ્ટદ્રણટ્ટ ધડતણઠણટ્ટ ડઠડદ્રદ્રથ્દ્રણટ્ટ

દાન આપનારનું નામ નૂતન વિદ્યાલયમાં ગ્રેનાઈટની તક્તી પર સોનેરી તથા રૂપેરી અક્ષરે મઢવામાં આવશે.
વિદ્યાદાન આપી પૂણ્યાનુંબંધી પૂણ્ય કમાવવાની અમૂલ્ય તક.

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧

# PATAN PREMIER LEAGUE 2024 | SEASON 7

| Day | Match | Date | Team 1 | vs | Team 2 | Timing | Venue |
|---|---|---|---|---|---|---|---|
| Day 1 | 1 | 06-01-2024 | CC MAVERICKS | VS | SK STRIKERS | 9am | WESTERN RAILWAY |
| | 2 | 06-01-2024 | SPS SUPERSTARS | VS | MTM RIDERS | 12pm | WESTERN RAILWAY |
| DAY2 | 3 | 07-01-2024 | KS KINGS | VS | IRSAVA STARZ | 9am | WESTERN RAILWAY |
| | 4 | 07-01-2024 | CC MAVERICKS | VS | NEW INDIA TITANS | 12pm | WESTERN RAILWAY |
| DAY 3 | 5 | 13-01-2024 | SK STRIKERS | VS | SPS SUPERSTARS | 9am | BPCL REFINERY SPORTS CLUB |
| | 6 | 13-01-2024 | MTM RIDERS | VS | KS KINGS | 12pm | BPCL REFINERY SPORTS CLUB |
| DAY 4 | 7 | 14-01-2024 | IRSAVA STARZ | VS | NEW INDIA TITANS | 9am | BPCL REFINERY SPORTS CLUB |
| | 8 | 14-01-2024 | CC MAVERICKS | VS | SPS SUPERSTARS | 12pm | BPCL REFINERY SPORTS CLUB |
| DAY 5 | 9 | 20-01-2024 | KS KINGS | VS | NEW INDIA TITANS | 9am | BPCL REFINERY SPORTS CLUB |
| | 10 | 20-01-2024 | CC MAVERICKS | VS | IRSAVA STARZ | 12pm | BPCL REFINERY SPORTS CLUB |
| DAY 6 | 11 | 21-01-2024 | SK STRIKERS | VS | MTM RIDERS | 9am | BPCL REFINERY SPORTS CLUB |
| | 12 | 21-01-2024 | SPS SUPERSTARS | VS | KS KINGS | 12pm | BPCL REFINERY SPORTS CLUB |
| DAY 7 | 13 | 26-01-2024 | MTM RIDERS | VS | IRSAVA STARZ | 9am | SPJ CRICKET GROUND, LONAVALA |
| | 14 | 26-01-2024 | SK STRIKERS | VS | NEW INDIA TITANS | 12pm | SPJ CRICKET GROUND, LONAVALA |
| | 15 | 26-01-2024 | CC MAVERICKS | VS | KS KINGS | 6pm | SPJ CRICKET GROUND, LONAVALA |
| DAY 8 | 16 | 27-01-2024 | SPS SUPERSTARS | VS | NEW INDIA TITANS | 9am | SPJ CRICKET GROUND, LONAVALA |
| | 17 | 27-01-2024 | SK STRIKERS | VS | IRSAVA STARZ | 12pm | SPJ CRICKET GROUND, LONAVALA |
| DAY 9 | 18 | 28-01-2024 | CC MAVERICKS | VS | MTM RIDERS | 9am | SPJ CRICKET GROUND, LONAVALA |
| | 19 | 28-01-2024 | SK STRIKERS | VS | KS KINGS | 12pm | SPJ CRICKET GROUND, LONAVALA |
| DAY 10 | 20 | 03-02-2024 | SPS SUPERSTARS | VS | IRSAVA STARZ | 9am | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| | 21 | 03-02-2024 | MTM RIDERS | VS | NEW INDIA TITANS | 12pm | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| | 22 | 03-02-2024 | SK STRIKERS | VS | KS KINGS | 6pm | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| DAY 11 | 23 | 04-02-2024 | CC MAVERICKS | VS | NEW INDIA TITANS | 9am | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| | 24 | 04-02-2024 | SPS SUPERSTARS | VS | IRSAVA STARZ | 12pm | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| | 25 | 04-02-2024 | SK STRIKERS | VS | MTM RIDERS | 6pm | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| DAY 12 | 26 | 10-02-2024 | CC MAVERICKS | VS | KS KINGS | 9am | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| | 27 | 10-02-2024 | SK STRIKERS | VS | IRSAVA STARZ | 12pm | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| | 28 | 10-02-2024 | SPS SUPERSTARS | VS | NEW INDIA TITANS | 6pm | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| DAY 13 | 29 | 11-02-2024 | SK STRIKERS | VS | NEW INDIA TITANS | 9am | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| | 30 | 11-02-2024 | SPS SUPERSTARS | VS | MTM RIDERS | 12pm | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| | 31 | 11-02-2024 | CC MAVERICKS | VS | IRSAVA STARZ | 6pm | SARASWATI SPORTS COMPLEX, MALAD |
| DAY 14 | 32 | 17-02-2024 | SPS SUPERSTARS | VS | KS KINGS | 9am | VENGSARKAR CRICKET ACADEMY, MAHUL |
| | 33 | 17-02-2024 | MTM RIDERS | VS | NEW INDIA TITANS | 12pm | VENGSARKAR CRICKET ACADEMY, MAHUL |
| DAY 15 | 34 | 18-02-2024 | CC MAVERICKS | VS | MTM RIDERS | 9am | VENGSARKAR CRICKET ACADEMY, MAHUL |
| | 35 | 18-02-2024 | KS KINGS | VS | IRSAVA STARZ | 12pm | VENGSARKAR CRICKET ACADEMY, MAHUL |
| PLAY-OFFS | | | | | | | |
| DAY 16 | 36 | 24 02 2024 | QUALIFIER 1 | | | 9am | WESTERN RAILWAY |
| | 37 | 24 02 2024 | ELIMINATOR | | | 12pm | WESTERN RAILWAY |
| DAY 17 | 38 | 25-02-2024 | QUALIFIER 2 | | | 9am | WESTERN RAILWAY |
| FINALS | | | | | | | |
| DAY 18 | 39 | 3/3/2024 | FINALS | | | | TO BE ANNOUNCED |

# SHREE PATAN JAIN MANDAL PRESENTS PATAN PREMIER LEAGUE (PPL) SEASON - 7

THE ROYALEUM ATELIER

## PPL Season - ૭ ની તા. ૬ જાન્યુઆરી ૨૦૨૪ના વેસ્ટન રેલ્વે, લોઅર પરેલના ગ્રાઉન્ડમાં શરૂ કરવામાં આવી

પાટણ પ્રિમિયર લીગના મેન સ્પોન્સરર ઘ રોયેલિયમ એટેલિયરના **શ્રી ધવલભાઈ તેમજ શ્રીમતી હેતલબેનનો** અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ આ ટુર્નામેન્ટમાં અલગ અલગ સ્પોન્સરોએ પણ અમને ખૂબ સાથ અને સહકાર આપ્યો છે.

આ વર્ષે પાટણ પ્રિમિયર લીગ (PPL) માં ટોટલ ૭ ટીમોએ પાર્ટ લીધેલ છે.

તા. ૬ જાન્યુઆરી ૨૦૨૪ શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ (માટલીવાલા)**, ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ શાહ** તેમજ સ્પોર્ટ્સ સમિતિના સેક્રેટરી **શ્રી વિનેશભાઈ શાહ, શ્રી કમલેશભાઈ શાહ** તેમજ સભ્યો **શ્રી પરાગભાઈ, શ્રી મીતેશભાઈ, શ્રી ચીરાગભાઈ, શ્રી નિલેશભાઈ, શ્રી દર્શનભાઈ** હાજર રહ્યા હતા. શ્રી પાટણ જૈન મંડળા સેક્રેટરી **શ્રી દેવેશભાઈ** તેમજ ટીમના ઓનરો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ**, ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ**, મેઈન સ્પોન્સરર ધ રોયેલિયમ એટેલિયરના **શ્રી ધવલભાઈ** તેમજ મેડળના સેક્રેટરી **શ્રી દેવેશભાઈ** તેમજ ટીમના ઓનરોના હસ્તે દીપ પ્રગટાવવામાં આવ્યો હતો. **શ્રી દાનેશભાઈના** હસ્તે શ્રીફળ વધેરીને રાષ્ટ્રીય ગીત ગાઈને આ ટુર્નામેન્ટની શરૂઆત કરવામાં આવી હતી. જાન્યુઆરી તેમજ ફેબ્રુઆરીના દરેક શનિવારે અને રવિવારે મેચ રમાશે.

ફાઈનલ મેચ તા. ૩ માર્ચ ૨૦૨૪ના રવિવારે રમાશે. વધુ વિગતો ફેબ્રુઆરીના અંકમાં જણાવવામાં આવશે.







# દિવ્યાંગ બાળકોનું પનવેલ ખાતે ગેટ-ટુ-ગેધર અહેવાલ

નવા વર્ષમાં દિશાના પહેલા પ્રોગ્રામની શરૂઆત ખૂબ સુંદર રીતે થઈ. તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૪ શનિવારે સવારના ૯.૦૦ કલાકે દિશાના બાળકો **''મહાસુખલાલ ફાર્મ હાઉસ''** પર પહોંચ્યા.. એ સવાર એકદમ ખુશનુમાં અને અદભુત હતી ! આસપાસનું વાતાવરણ કુદરતી સૌંદર્યથી ભરપૂર હતું.. મંડળના ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ અને શ્રીમતી જ્યોતિબેનનો મીઠો આવકાર મનને ડોલાવી ગયો..

સૌપ્રથમ તો શ્રી પંકજભાઈ અને શ્રીમતી રીટાબેન, શ્રી રોહિતભાઈ અને શ્રીમતી જ્યોતિબેન, શ્રી ભરતભાઈ અને શ્રીમતી પ્રીતિબેનનો ખૂબ ખૂબ આભાર. તેમની મીઠડી દીકરી હેમાલી અને શ્રી રિતેશભાઈ તથા તેમના વેવાઈ શ્રી રાજનભાઈને બાળકો સાથે અદ્‌ભૂત લગાવ થઈ ગયો હતો.. લાઈવ સંગીત અને મનોરંજન પ્રવૃત્તિઓથી આવનાર દરેક વ્યક્તિ ખુશખુશાલ હતી. શ્રી બિરેનભાઈ અને શ્રીમતી સંગીતાબેને પોતાના સુરીલા સુરો દ્વારા સંગીતનો રસ થાળ પીરસ્યો. બાળકો સાથે બધા મન મૂકીને ઝુમ્યા. ત્રણ ટાઈમનું સ્વાદિષ્ટ ભોજન આરોગવાની મજા પડી ગઈ.

આપણા માનનીય **પ્રમુખશ્રી દાનેશભાઈ** અને **શ્રીમતી કેતકીબેન શાહે** યજમાન પરિવારનું બહુમાન કર્યું તથા **''દિશા''** તરફથી માનદમંત્રી **શ્રીમતી હીનાબેને** સન્માન પત્ર અર્પણ કર્યું. **શ્રી યશમુખભાઈ માટલીવાળા** હંમેશા દિશાના આધાર સ્તંભ રહ્યા છે. દિશા તરફથી આવનાર દરેક વ્યક્તિને ધૂપની પ્રભાવના કરી અને દિશા દ્વારા બનેલ વિવિધ વસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી. **શ્રીમતી કલ્પનાબેન** અને સંસ્થાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ **શ્રી ભરતભાઈ, શ્રી યશવંતભાઈ અને શ્રીમતી ભારતીબેન ઝવેરી, શ્રીમતી ભાવિનીબેન જનકભાઈ, શ્રી અશ્વિનભાઈ પનાલાલ અને શ્રીમતી મુદ્રાબેન,** ઉપપ્રમુખ **શ્રી હિતેનભાઈ વીમાવાલા**, માનદમંત્રી **શ્રી દેવેશભાઈ,** માનદમંત્રી (મેડિકલ) **શ્રી દિનેશભાઈ શાહ** (પોળની શેરી), સ્પોર્ટ્સના માનદમંત્રી **શ્રી કમલેશભાઈ** અને **શ્રીમતી બીંદીબેન, શ્રી પરેશભાઈ** અને **શ્રીમતી હર્ષાબેન** તથા ઈકોનોમીક અપ્લિફ્ટમેન્ટના મંત્રી **શ્રી સંજયભાઈ શાહ,** ડિજીટલ ટીમના મંત્રી **શ્રી ભાવિકભાઈ શાહ** તથા અન્ય આમંત્રિતો સહીત લગભગ સીત્તેર સભ્યો હાજર રહ્યા હતા.

દિશા ના બાળકો માટે **શ્રી રોહિતભાઈ શાહે** યોજેલ ઇવેન્ટમાં આવી ચાર ચાંદ લગાવી દીધા. શ્રી પાટણ જૈન મંડળ અને યજમાન પરિવાર તરફથી દરેક બાળકને રૂા. ૨,૦૦૦ આપી સન્માન કરવામાં આવ્યું. આ બાળકો પ્રેમના ભૂખ્યા હોય છે અને દરેકે જે તેમને પ્રેમ આપ્યો તે જોઈને ગદગદિત થઈ જવાયું. તેમને જે વાત્સલ્ય આપ્યું તે જોઈને આંખમાંથી હર્ષના આંસુ સરી પડ્યા.

**શ્રી રોહિતભાઈ એમ શાહ**નો પરિવાર હંમેશા આવા સુંદર સત્કાર્યો કરતા રહે તેવી ભાવના સાથે તેમને શુભેચ્છા આપીને આભાર માનવામાં આવ્યો હતો.









# શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત વુમન એમ્પાવરમેન્ટ સેમિનાર અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત વુમન એમ્પાવરમેન્ટ કમિટિ દ્વારા **''બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ''ના** વિષય પર શ્રી પાટણ જૈન મંડળ હોલ મરીનડ્રાઈવમાં તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સેમિનાર આયોજીત કર્યો હતો.

પ્રોગ્રામમાં લગભગ ૪૫ થી ૫૦ બહેનોએ ભાગ લીધો હતો. આ સેમિનારનું સંચાલન વુમન એમ્પાવરમેન્ટ કમિટિના કન્વીનર **શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહે** કર્યું હતું. પ્રોગ્રામની શરૂઆત પાટણ સમાજના જાણીતા અને માનીતા **શ્રી જનકભાઈ શાહને** ૩ નવકાર ગણી શ્રદ્ધાંજલિના સુમન અર્પણ કરીને કરી હતી.

આ સેમિનારના વક્તા પાટણના જ વતની **શ્રીમતી ધારા શાહ** (ખેતરવસીનો પાડો) હતા. જેમણે આજના સમયમાં બહેનો માટે બેન્કિંગ જાણવું અને આજની ટેક્નોલોજીના કારણે સરળતાથી બેન્કિંગ અપનાવવું કેટલું જરૂરી અને સરળ છે તે સમજાવ્યું હતું. દરેક બહેનો પોતાની રીતે બચત કરી જ લે છે પણ તે બચતને વ્યવસ્થિત રીતે સમજણપૂર્વક રોકાણ કરીને મુડી કેવી રીતે વધારી શકાય તે પીપીટી દ્વારા માહિતી આપી હતી. સેમિનારમાં હાજર રહેલ બહેનોને ઘણું શીખવા મળ્યું હતું અને તેમણે પોતાને બેન્કિંગ અને ઈન્વેસ્ટમેન્ટ માટે મુંઝવતા પ્રશ્નો પૂછીને માહિતી મેળવી હતી. સેમિનાર એટલો બધો રસપ્રદ હતો કે સાડા ત્રણ કલાક સુધી ચાલ્યો હતો.

સેમિનારના અંતે **શ્રીમતી હીનાબેને** વક્તા **શ્રીમતી ધારાબેનને** એક નાનકડી ભેટ અર્પણ કરી બિરદાવ્યા હતા અને તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ હળવો નાસ્તો અને ચા-કોફીની ચૂસ્કી માણતા માણતા સહુએ વુમન એમ્પાવરમેન્ટ ટીમને અભિનંદન આપ્યા અને આવા માહિતીપ્રદ અને સમાજની બહેનોને ઉપયોગી વધુને વધુ સેમિનાર યોજવા વિનંતી કરી હતી.








**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

**મેળવો ત્રણ ત્રણ લાભ**

❂ સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન ❂ સાધર્મિક ભક્તિ ❂ મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્યઃ મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

# સૌરભ મેડિકલ હેલ્થ કેર - બોરીવલી ખાતે ત્રીજા બ્લડ કલેક્શન સેન્ટરનું ઉદ્‌ઘાટન

તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ના મંગળવારે સવારે ૯.૦૦ કલાકે શ્રી પાટણ જૈન મંડળના ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ**ના નેતૃત્વમાં બોરીવલી ઈસ્ટ ખાતે રતનનગર બિલ્ડીંગ નં. ૩, એ-૨૩માં ત્રીજા બ્લડ કલેક્શન સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

આ પ્રસંગે મંડળની પ્રવૃત્તિઓના સેક્રેટરી **શ્રી જીગરભાઈ શાહ, શ્રી મયુરભાઈ જૈન,** પાટણ જૈન મંડળના મેનેજર **શ્રી મનુભાઈ જોષી** ઉપરાંત સ્થાનિક કાર્યકરો **શ્રી જનકભાઈ શાહ, શ્રી કલ્પેશભાઈ શાહ, શ્રી હીતેશભાઈ શાહ, શ્રી ધ્રુમીલભાઈ સાલવી, શ્રી કેતનભાઈ શાહ** તથા રતન નગરના પરિવારો તેમજ ગોરેગામ સૌરભ મેડિકલ સેન્ટરનો સ્ટાફ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સેન્ટરનું ઉદ્‌ઘાટન ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહના** હસ્તે કરવામાં આવ્યું હતું. નવકાર મંત્રનું પઠન કરી સેન્ટરની શરૂઆત કરવામાં આવી હતી અને અલ્પાહાર રાખવામાં આવ્યો હતો.











# સમેત શિખર યાત્રા પ્રવાસ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના સખી દાતાઓના સૌજન્યથી ફેબ્રુઆરી માસમાં શિખરજી યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે, **જેમાં યાત્રિકો લઈ જવાની નિર્ધારિત સંખ્યા કરતા સમાજમાંથી બમણી સંખ્યાથી વધારે ફોર્મ ભરાઈને આવતા - શુક્રવાર તા. ૦૩-૧૧-૨૦૨૩ના** મંડળના હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની હાજરીમાં લક્કી ડ્રો કરવામાં આવેલ તેમાં જેમના નામો આવેલ છે, તેઓને યાત્રા પ્રવાસમાં સ્થાન પ્રાપ્ત થયેલ છે, જેની જાણકારી આપતો પત્ર અલગથી તેઓને કુરિયર મારફત મોકલવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે આ યાત્રા પ્રવાસ વિમાન મારફત કરવાનો હોઈ તે અંગેની વિવિધ સૂચનાઓ આપવા તથા યાત્રિકોની મુંઝવણના સમાધાન માટે એક સ્નેહ મિલનનું આયોજન નીચે મુજબ રાખવામાં આવેલ છે, તે સમયે **દરેક યાત્રિકોએ ફરજિયાત ઉપસ્થિત રહેવા વિનંતી છે.**

| | | |
|---|---|---|
| **દિનાંક** | : | **શનિવાર, તા. ૧૦-૦૨-૨૦૨૪** |
| **સમય** | : | **સાંજે ૪.૦૦ કલાકે** |
| **સ્થળ** | : | **ગરવારે ક્લબ હાઉસ, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦** |

**આ પ્રસંગે સંસ્થા દ્વારા નીચે મુજબની માહિતી પુરી પાડવામાં આવશે.**

૧. શિખરજી જતા તેમજ મુંબઈ પરત ફરતા આપને કઈ ફ્લાઈટમાં જવાનું છે.
૨. વિમાન ક્યાંથી ઉપડશે.
૩. વિમાન કેટલા વાગ્યે ઉપડવાનું છે.
૪. તમારે કેટલા વાગ્યે વિમાન મથકે પહોંચવાનું રહેશે.
૫. કેટલો સામાન સાથે તથા કેટલો સામાન લગેજમાં મુકવાનો રહેશે.
૬. ટિકિટ, સીટ નંબર, બોર્ડીંગ પાસ માટે આપે શું કરવાનું રહેશે.
૭. ફ્લાઈટમાં નિયત સ્થળે પહોંચવા કેટલો સમય થશે.
૮. લગેજમાં મુકાયેલ સામાન આપને કેવી રીતે અને ક્યાંથી મેળવવાનો રહેશે તેની માહિતી.
૯. પ્રવાસ દરમ્યાન તીક્ષ્ણ કે ધારદાર હથિયારો લેવાની મનાઈ છે.
૧૦. એરપોર્ટ ખાતે સીક્યુરીટી ચેકીંગમાં શું કરવાનું રહેશે.
૧૧. ઓળખ માટે આધારકાર્ડ ફરજિયાત લાવવાનું રહેશે.
૧૨. યાત્રા પ્રવાસ કાર્યક્રમની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.
૧૩. આપને કઈ ધર્મશાળામાં, કયા બ્લોકમાં ઉતારો આપેલ છે તેની વિગતો.
૧૪. દરેક યાત્રિકને તેમના લગેજ ઉપર ફરજિયાત બાંધવા ટેગ બાંધવામાં આવશે.
૧૫. કઈ બસની આપને ફાળવણી કરેલ છે તે જાણશો.
૧૬. બસથી ધર્મશાળાના ઉતારા માટે દરેક બસ દીઠ બે માણસો રાખવામાં આવેલ છે
૧૭. પ્રવાસ દરમ્યાન આપને કયા સ્થળે લંચ અથવા ડિનર ફાળવવામાં આવશે તેની જાણકારી આપવામાં આવશે.

**ખાસ નોંધઃ કાર્યક્રમ બાદ જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**


Shree Patan Jain Mandal
Saurabh Medical Health Care
(Goregaon)
We Welcome Donors
for the following
Department
19. X-ray ... 1.25 Cr
20. Physiotherapy ... 1.25 Cr
21. Dental ... 1.00 Cr
22. ENT ... 1.00 Cr
23. Pediatric ... 1.00 Cr
24. Dermatology ... 0.50 Cr
25. Homeopathy ... 0.50 Cr
26. Internal Medicine ... 0.50 Cr
27. Ayurvedic ... 0.50 Cr
28. Diabetic ... 0.50 Cr
Contact for Donation
Shri Daneshbhai Vinodchandra Shah
Mo. 9930891985
Shri Hemantbhai Kantilal Salvi
Mo. 9820048367

# શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| Donors Name | Details | Cost Amt. |
|---|---|---|
| | **MAIN DONOR OF PROJECT** | |
| Smt. Arunaben Babulal Chhotalal Shah | | 5.25 Cr |
| | **CO. DONOR OF PROJECT** | |
| Smt. Pannaben Kapoorchand Sonawala | | 4.00 Cr |
| | **2000 Sq.Ft PROPERTY (Approx Rs. 5.50 Cr)** | |
| Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah | | |
| | **CARDIOLOGY DEPARTMENT** | |
| Smt. Vasantben Champaklal Manilal Jhaveri | | 2.50 Cr |
| Haste: Shri Bhupendrabhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri | | |
| | **PATHOLOGY DEPARTMENT** | |
| Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) | | 1.50 Cr |
| | **SONOGRAPHY DEPARTMENT** | |
| Smt. Geminiben Hemantbhai Kantilal Salvi | | 1.25 Cr |
| | **DIALYSIS CENTRE** | |
| Shri Shantilal Nagindas Shah (Shubh Trust) | | 1.25 Cr |
| | **GENERAL SURGERY** | |
| Smt. Vasumatiben Sevantilal Ambalal Shah | | 1.25 Cr |
| | **OPHTHALMOLOGY** | |
| Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and Smt. Shilpaben Prakashbhai Shah Parivar | | 1 Cr |
| | **ORTHOPEDIC CENTRE** | |
| Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri | | 50 Lc |
| | **GYNECOLOGY CENTRE** | |
| Smt. Jyotsnaben Mahendrabhai Shah | | 50 Lc |
| Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah | | |
| | **SADHU BHAGWANT ROOM** | |
| ❋ Smt. Neelaben Ashokbhai Popatlal Shah | | 50 Lc |
| | **SADHVIJI BHAGWANT ROOM** | |
| ❋ Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah | | 50 Lc |
| | **MAMMOGRAPHY** | |
| ❋ Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri | | 50 Lc |
| | **GENERAL CONSULTING** | |
| ❋ Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar | | 50 Lc |
| | **DR. REPORTING ROOM** | |
| ❋ Smt. Bhanuben Sureshchandra Himatlal Shah | | 25 Lc |
| Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben | | |
| | **WAITING AREA** | |
| ❋ Shri Shirishbhai Mafatlal Zaveri | | |
| Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar | | 25 Lc |
| | **RECEPTION ROOM** | |
| ❋ Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon) | | 25 Lc |
| | **CONFERENCE ROOM** | |
| ❋ Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara | | 25 Lc |
| | **OPG SECTION** | |
| ❋ Smt. Pravinaben Mahendrabhai Sandesara | | 25 Lc |
| Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara | | |

# Saurabh Medical Health Care (Goregaon)

## Our Medical Services

### Why
**SAURABH MEDICAL HEALTH CARE ?**

- Managed by trusted & 112 years old organisation, Shree Patan Jain Mandal
- Equipped with World's best & quality machineries
- State of the art Infrastructure & Modern Technology
- Experienced Doctors Panel & Well trained Staff

### Diagnostic Departments

- Pathology
- Sonography
- X-Ray
- Dental
- Cardiology
- Ophthalmology

### All Consulting Departments

- ENT
- Dermatology
- Orthopaedic
- Physiotherapy
- Diabetology
- Internal Medicine
- General Surgery
- Paediatric
- Gynaecology
- Nephrology
- General Consulting
- Oncology
- Homeopathy
- Ayurvedic





# Saurabh Medical Health Care (Goregaon)

## Inaugral Offer

Blood Test Package At Most Reasonable Rates

**All Pathology Test by Beckman Coulter (World Best Machine)**

### Silver Package
72 Parameters
**Rs.810/-**

- CBC & ESR
- Blood Group-RH
- HbA1c
- Blood Sugar (Fasting/PP)
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine

### Golden Package
77 Parameters
**Rs.1260/-**

- CBC & ESR
- Blood Group-RH
- Blood Sugar (Fasting/PP)
- HbA1c
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Calcium
- Vitamin D3
- Vitamin B12

### Platinum Package
83 Parameters
**Rs.1710/-**

- CBC & ESR
- Blood Group-RH
- Blood Sugar (Fasting/PP)
- HbA1c
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Calcium
- Vitamin D3
- Vitamin B12
- PSA (For Male)
- CA 125 (For Female)
- Iron Studies
- LDH
- CPK
- CRP

## Specialize Test

- 3D-4D Sonography-USG
- Colour Doppler
- ECG
- Pathology - Blood Test
- X-Ray
- Dental OPG
- Audiology & Speech Therapy
- 2D Echo
- Stress Test
- PFT
- PAP Smear








# આંસુના પણ પડે પ્રતિબિંબ એવા દર્પણની એક અમર કથા

વાત થોડી જૂની છે વિ.સં. ૧૬૬૫ આસપાસની. ઈતિહાસમાં નોંધાયેલી ઘટના છે તે કાળે અને તે સમયે સોરઠ દેશમાં વંથલી ગામ, ગાઢ વનરાજિના લીલાછમ પ્રદેશનું મૂળ નામ તો હતું વનસ્થળી. ગામમાં શ્રી શીતલનાથ ભગવાનની શીળી છાયા. શ્રાવકના કુળ ધન-ધાન્યથી સમૃદ્ધ હતા. કુટુંબ પરિવારથી ભર્યા ભાદર્યા હતા. તેમના એક તે સવચંદ શેઠ. વેપાર ધંધો જામેલો. દેશ પરદેશથી વછિયા આવે. દરિયાપારના શહેરોથી વહાણમાં માલ આવે. શેઠની આબરૂ જામેલી, બધુ રંગેચંગે ચાલતું હતુ, તેમાં મુસીબત આવી.

નજીકના એક ગામના ગરાસદાર ઠાકોરના કાન ભંભેરાયાઃ સવચંદ શેઠની પેઢી કાચી પડી છે, ઠાકોરના એક લાખ રૂપિયા સવચંદ શેઠને ત્યાં જમા છે, વળતા દિવસે સવારે જ ઠાકોર ઘોડે બેસીને સવચંદ શેઠને ત્યાં પહોંચ્યા. સવચંદ શેઠશ્રી શીતલનાથ ભગવાનની સેવા પૂજા કરવા જઈ રહ્યા હતા. મધમધતા ફુલોની છાબ હતી. મનમાં એવા જ રૂડા ભાવ હતા. ઠાકોરને જોતાવેત મનમાં ફાળ પડી આમ અટાણે સવારમાં ઠાકોર ક્યાંથી? મારો પ્રભુ સૌ સારા વાના કરશે.

ઠાકોર બોલ્યાઃ શેઠ ક્યાં પધારો છો ? શેઠે કહ્યુંઃ ભગવાનની પૂજા કરવા, ઠાકોર કહેઃ જલ્દી આવજો હો મારે તાકીદનું કામ છે, તડકો થાય તે પહેલા ગામ ભેગા થવું છે શેઠ કહેઃ આ આવ્યો તમે શિરાવો ત્યાં આવી પહોચીશ.

પ્રભુની ભાવથી વિધિપૂર્વક પૂજા કરી, ઘંટનાદ કરી શેઠ ઘરે આવ્યા શેઠ તૈયાર થઈ પેઢીએ પહોંચ્યા. રાહ જોતા બેઠેલા ઠાકોર કહેઃ મારો દીકરો દેશાવર જવા મન કરે છે માટે મારી બધી રકમ જોઈએ છે, હમણાં ને હમણાં ગણી આપો. એક તો કરિયાણા ભરેલા સો-સવાસો વહાણોનો પત્તો ન હતો, તેમાં આ એક લાખ રૂપિયા ગણી આપવાની વાત. વાયદો કરાય એવું નહોતું પણ શેઠે ઓછામાં ઓછો ત્રણ દિવસનો સમય માગ્યો.

મુનીમને આજુબાજુના ગામોમાં ઉઘરાણીએ મોકલ્યા બે દિવસે ખાલી હાથે પાછા આવ્યા.

ત્રીજો દિવસ ઉગ્યો શેઠની મુંઝવણનો પાર નહોતો કોઈ ઉપાય જડતો નહોતો ત્યારે સર્વ શક્તિમાન પ્રભુનું સ્મરણ શ્વાસે શ્વાસે થવા લાગ્યું.

બપોર થતાં સુધીમાં ઠાકોર ઉતાવળા થઈ ગયા એવામાં સવચંદ શેઠના મનમાં એક વિચાર આવ્યો. અમદાવાદનાં શેઠ સોદાગર દરિયાવદિલ છે, ધર્માત્મા છે એ જરૂર મારું વેણ પાછું નહીં ઠેલે એ હતા. સોમચંદ શેઠ એમના નામે હુંડી લખી. પણ લખતાં જાપ ને કલમ ધ્રુજતી જાય અક્ષરો વાંકાચૂકા પડવા લાગ્યા મનોમન મુંઝવણ થઈ કે સોમચંદ શેઠ આમ તો મને ઓળખતા નથી એમના ચોપડામાં ક્યાંય મારું નામ નથી તો આવડી મોટી રકમ કેમ કરીને આપશે ?

તેમ છતાં પરમાત્મા પ્રત્યેની અપાર શ્રદ્ધાથી હુંડી લખી આપી. કલમની શાહીથી ચળકતાં અક્ષરો પર હૃદયની વેદનાના બે અશ્રુ પડી ગયા. તેમ છતાં હુંડી બંધ કવરમાં મુકી ઉપર સોમચંદ શેઠનું સરનામું લખી ઠાકોરના હાથમાં આપ્યું. અને કહ્યું કે; ''તમે ત્યાંથી તમારા રૂા. લઈ લેજો.'' ઠાકોર તો આવી પહોંચ્યા અમદાવાદ અને સોમચંદ શેઠની પેઢી પર પહોંચી ગયા. સોરઠી પાઘડી પહેરેલા ઠાકોર કોઈ મહેમાન છે એમ લાગતા શેઠે તેમનો મીઠો આવકાર આપતા કહ્યું, ''આવો, આવો, અહીં અજાણ્યા લાગો છો ?''

ઠાકોરે કહ્યું : વંથલીથી આવું છું અને સવચંદ શેઠે આ હુંડી લખીને આપી છે'' સોમચંદ શેઠનું નામ વાચ્યું કે કપાળમાં કરચલી વળી ગઈ છતાં મુનીમને પૂછ્યુંઃ ખાતાવહીમાં જુઓને, વંથલીના સવચંદ શેઠનું ખાતામાં શું બોલે છે ? મુનીમે આખો ચોપડો તપાસી જોયો અને હળવેથી કહ્યુંઃ આ નામ આપણે ત્યાં છે જ નહીં.

સોમચંદ શેઠે ફરી હુંડી હાથમાં લીધી, ફરી ફરીને વાંચતા અચાનક છેલ્લા એક બે અક્ષરો પર ધ્યાન ગયું અને હૃદયમાંથી અવાજ આવ્યો.

જરૂર આ સવચંદ બહુ જ તકલીફમાં હશે બહુજ મુંઝવણમાં હશે કોઈક આરો-ઓવારો નહીં હોય તો જ આ હુંડી લખી છે, પૂરા વિશ્વાસથી લખી છે. આંસુના એ બે બુંદનું પ્રતિબિંબ સોમચંદ શેઠના હૃદય દર્પણમાં આબાદ ઝીલાઈ ગયું. તરત જ મુનીમને કહ્યું; ''લાખ રૂપિયા ગણી આપો'' મુનીમે વળતો પ્રશ્ન કર્યો ''કયા ખાતે લખવાના છે ?'' શેઠે કહ્યું; ''ખરચ ખાતે લખીને આપી દો'' ઠાકોર તો રાજી રાજી થઈ ગયો ચાંદીના સિક્કાના લાખ રૂપિયાની કોથળીઓ બનાવીને તેઓ ગામ ભેગા થઈ ગયા.

આ બાજુ સવચંદ શેઠને પેલા વહાણના સારા સમાચાર મળ્યા, માલ બધો હેમખેમ પાછો આવી પહોંચ્યો ભાવ પણ સારા વધી ગયા. આવક સારી થઈ એટલે સોમચંદ શેઠની યાદ આવી ગઈ. સવચંદ શેઠે હુંડી લખીને આપી હતી ત્યારેથી ઘી-દૂધ અને બધી મિઠાઈઓની બાધા લીધી હતી. સવચંદ શેઠ તાબડતોબ અમદાવાદ જવા નીકળી પડ્યા સવારના પહોરમાં જ સોમચંદ શેઠને ઓળખી લીધા અને બે હાથ જોડી નમન કર્યું. સવચંદ શેઠને તેઓ ઘરની અંદર લઈ ગયા. ગર્ભ શ્રીમંતનો વૈભવ જોઈને અંજાઈ ગયા. સોમચંદ શેઠે તેમને નિરાંતે નાસ્તા પાણી કરાવી, પોતાના ઘરે આવવાનું પ્રયોજન જાણ્યું. સવચંદ શેઠે હુંડી દ્વારા લીધેલી રકમ પાછી આપતા કહ્યું, શેઠ રૂપિયા લાવ્યો છું ગણી લ્યો અને ચોપડામાં નામું સરખું કરી લ્યો. સોમચંદ શેઠે કહ્યું, ''કેવા રૂપિયા અને કેવી વાત ?'' મારા ચોપડામાં તમારા નામે કોઈ રકમ જ નથી તેથી મારાથી ન લેવાય''.

બન્ને શેઠ વચ્ચે ખૂબ રકઝક ચાલી મુનીમને બોલાવ્યા ચોપડા જોવરાવ્યા શું મળે ? નામ હોય તો નીકળેને ? બન્ને પોતપોતાની વાતમાં અડગ રહ્યા, છેવટે આ ખેંચતાણનો તોડ કાઢવાનું ગુરુ મહારાજને સોંપવામાં આવ્યું. તેઓ પાસે તો બધી સમસ્યાનું સમાધાન ધર્મ જ હોય.

તેઓએ કહ્યું; ‘‘જો તમારે લેવા નથી અને સવચંદ શેઠને રાખવા નથી તો શત્રુંજય ગિરિરાજ પર વિશાળ જિનાલયનું નિર્માણ કરાવો. તમારા બન્નેનું હિત એમાંજ છે. બન્ને શેઠોએ ત્યાં ને ત્યાં જ નિર્ણય લીધો અને જોતજોતામાં વિ.સ. ૧૬૭૫ની સાલમાં વાદળથી વાતુ કરે એવું ગગનચુંબી, શીખરબંધી અને વિશાળ ચૌમુખજીનું જિનાલયની પ્રતિષ્ઠા સવચંદ શેઠ અને સોમચંદ શેઠના બન્નેના પરિવારે સાથે મળીને કરી. નવટૂંકમાં મુખ્ય ટૂંક રૂપે સવા-સોમાની આ ટૂંક અતિ વિખ્યાત છે.

આ ઉપરાંત અમદાવાદમાં પણ ધના સુથારની પોળમાં પણ સવા-સોમાનું દેરાસર છે કોઈ અજાણ્યાની આંખના આંસુના હૃદયમાં પડેલા પ્રતિબિંબની અમર ગાથાનું ગાન આજે પણ જિનાલયના શિખર પરની ફરફરતી ધજા આપણને સંભળાવી રહી છે. આપણે પણ આપણી નજરે ચડેલા કોઈના છૂપા આંસુને લૂછવામાં આપણાં રૂમાલને અને હૃદયને ધન્ય બનાવીએ.

## સંવેદના

બોલી શકતા નથી બિચારા, સંભળાવે શી રીતે ?
હાથ ધરી શકતા નથી, તે માંગે કઈ રીતે ?
અશ્રુ ટપકતી ભોળી આંખે, ચારે કોર નિહાળે,
કોઈ અમારા આંસુ લુછે, કષ્ટો કોઈ નિવારે

સહીને તાપ આવે છાંય, એવું એક ઝાડ બનવા દે,
દરેક નિષ્ણાત તત્વોની, ધબકતી નાડ બનવા દે;
તમન્નાઓ નથી મ્હેંકી ઊઠું હું ફૂલની માફક,
રક્ષા કાજે કોઈ જીવની મને બસ વાડ બનવા દે.

કોઈક દયાળુ કવિની, અપીલ કરે એવી આ વાણી છે, વાંચતા જ સમજી શકાય એવા આ બે પદ્ય છે.

આજનો માણસ દુઃખની અશાંતિની, અજંપાની સતત ફરિયાદ કરતો રહે છે એને બદલે એમાંથી મુક્ત થવાનો સીધો સાદો ઉપાય એ છે કે, જાતના કોચલામાંથી બહાર નીકળીને બીજાઓને થોડું આશ્વાસન આપવાની, સાંત્વના પમાડવાની સહાય આપવાની શરૂઆત કરીએ. એમ કરવાથી અન્ય પરિવારોના મુખ પર સ્મિત રેલાવી શકીએ.

**સંકલન : પાઠશાળા ગ્રંથ - ૧**

## KITE

Kite oh Kite ! you are so light
up in the Sky you fly So high
With wind you dance here and there
You bath in the Sun and you Shine so bright

Over the City through the Clouds
You get to see the world around
Different siges shapes and colors
They all blend in and look a like.

Away and up you stay for a while
In cool and peace you look so Calm
But comes a time for you to descond
and touch the world of reality.

As you come close, you see the world
Full of variaties and diffrance
After all it depends on you
From which angle you look at the things.

**Daksha Shah**

## CRICKET

If you play cricket, you have to get a wicket.

If you do cheating, be ready for a beating.

Score a ton, your first goal is done.

Winning the toss, doesn't make you the boss.

If you do batting, give the bowler spanking.

Don't drop a catch, or else you lose the match.

Don't always rely on luck, or else you get a duck.

If you play cricket, you have to get a wicket.

**Nirmay Vishal Shah**
**Grade 5 (Age 10 years)**
**(Kanasano Pado)**




# રાષ્ટ્રધર્મ જ સર્વોપરી છે

‘તમારા હાથે દેશસેવાનું મોટું કાર્ય થવાનું છે માટે તમે રાષ્ટ્રસેવામાં જોડાઓ. દીક્ષાની વાત પછી કરજો.’

‘પણ, ગુરુદેવ ! રાષ્ટ્રસેવા છે, પછી ધર્મ રાષ્ટ્ર નહીં હોય, તો ધર્મ ક્યાંથી હશે ? ધર્મનો આધાર છે રાષ્ટ્ર આધારશિલા વગર વસ્તુ રહે જ કઈ રીતે ?

રાષ્ટ્રની સ્થાપના થાય પછી જ તો ધર્મની સ્થાપના થાય. શ્રી ઋષભદેવ ભગવાને પણ પ્રથમ રાષ્ટ્રની સ્થાપના કરી છે અને તેના સ્થિરીકરણ પછી ધર્મની સ્થાપના કરી.

વળી, એક બીજી મહત્વની વાત આપણું રાષ્ટ્ર હોય તો જ આપણો ધર્મ હોય. બીજાના રાષ્ટ્રમાં આપણો ધર્મ પણ ક્યાંથી? અત્યારે અંગ્રેજોનું રાજ્ય છે. ધર્મ કરનારા કેટલાય માણસો ગોરી સરકારની ગોળી ખાઈને હંમેશા માટે પોઢી ગયા છે. એમની કારતૂસથી હજારો લાખો લોકો ઠૂસ થઈ ગયા છે.

ઈતિહાસ સાક્ષી છે કે અન્યના રાષ્ટ્રમાં આપણો ધર્મ જોખમમાં જીવ્યો છે. બીજાનું રાષ્ટ્ર ભયાવહ સાબિત થયું. માટે વત્સ જાઓ દેશસેવાના મહાન કાર્યમાં તમે ઉપયોગી બનજો. દેશને સ્વતંત્રતા અપાવવામાં તમારો સહયોગ અપેક્ષિત છે. તમારા માટે આજે મોટી દીક્ષા છે. આજ સંન્યાસ છે. અત્યારે દેશને સાધુઓની જરૂર છે, તેના કરતાંય વિપુલ પ્રમાણમાં દેશ સેવક - દેશ ભક્તોની જરૂર છે.

દેશને સ્વતંત્ર બનાવવામાં તમારી સૌહાર્દપૂર્ણ સેવા જ્યારે સફળતા પ્રાપ્ત કરશે દેશ હસ્તગત થશે. તે પછી હજારો સાધુઓ તૈયાર થશે અને ધર્મના કાર્યમાં જોડાશે.

એટલે તમારી દેશસેવા પણ ધર્મસેવા-ધર્મકાર્ય જ ગણાશે. તમારું નામ દેશભક્ત અને ધર્મનિષ્ઠ તરીકે ઈતિહાસના સુવર્ણપૃષ્ઠો પર અંકિત થશે.

આ ઉપદેશ આપનારા જૈનાચાર્ય હતા - દાદા શ્રી મણિવિજયજી મહારાજા. અત્યારે વર્તમાન સમયના તપાગચ્છના એસી ટકા જેટલો સાધુવર્ગ (સાધુ-સાધ્વી) દાદાશ્રી મણિવિજયજી મહારાજાના સમુદાયનો છે.

આ એ સમય હતો, જ્યારે તપાગચ્છમાં આંગળીના વેઢે ગણી શકાય એટલા જ સાધુઓ હતા. આજે જે તપાગચ્છમાં લગભગ નવથી દસ હજાર સાધુ-સાધ્વીજીઓ છે. તે તપાગચ્છમાં તે સમયે માત્ર ૨૦-૨૫ સાધુઓ જ હતા.

જ્યારે સાધુઓની સંખ્યા ઉભી કરવાની તાતી જરૂર હતી, તેવા સમયમાં પણ આ પૂજ્યશ્રીએ દીક્ષા લેવાની તાલીમ લેવા આવનારા બે નવયુવાનોને ‘રાષ્ટ્રધર્મ સર્વોપરી છે’ નું સૂત્ર આપીને દેશસેવા માટે પાછા મોકલી દીધા હતા.

હજારો જૈન શ્રાવકો દેશસેવામાં જોડાયા હતા, તે આવા વિરલ જૈન સાધુઓના પ્રતાપે ચિંતામણિ જેવા આ મણિના પ્રકાશમાં હજારોને યોગ્ય દિશા મળી હતી. તે તે સમયે જે યોગ્ય હોય તે દિશા બતાવે તો જ સાચા સાધુ. સાધુનું કાર્ય જ એ છે સમયાનુસાર યોગ્ય રાહ ચીંધવો.

આ પૂજ્યશ્રીની આ રાષ્ટ્રસેવા - દર્મસેવાનું ફળ છે કે આજે હજારો સાધુઓ તેમના અનુયાયી તરીકે તેઓ શ્રીમદના નામને ઉજ્જવળ કરી રહ્યા છે.

ઈ.સ. ૧૮૫૭ના સ્વતંત્રતા સંગ્રામના થોડાક વર્ષો પૂર્વેની આ ઘટના છે, દીક્ષા લેવા માટે આવેલા આ બે યુવાનો જ સ્વતંત્રતા સંગ્રામમાં ફાંસીના ફંદે ચડીને પ્રથમ અને દ્વિતિય નંબરે શહીદ થનારા દેશભક્ત હતા.

તા. ૧૯-૦૧-૧૮૫૮ના દિવસે સ્વતંત્રતા સંગ્રામની પ્રથમ ફાંસી આપી હતી તા. ૨૨-૦૬-૧૮૫૮ના રોજ.

સ્વતંત્રતા સંગ્રામની સર્વપ્રથમ ફાંસી થઈ હતી. હરિયાણાના શ્રાવક લાલા હુકુમચંદ જૈનને. જેનો ગુનો એ હતો કે દેશની આઝાદી માટે સ્વતંત્રતા સંગ્રામમાં ઝુકાવનારા દેશસેવકોને ૩૦૦ એકર જમીન ભેટ આપી હતી.

તથા સ્વતંત્રતા સંગ્રામની બીજી ફાંસી જેને થઈ હતી તે હતા ગ્વાલિયરમાં રહેનારા શ્રાવક અમરચંદ બાંઠિયા જૈન. એ પોતે રાજાના ખજાનચી હતા. તેનો ગુનો હતો કે તેમણે રાણી લક્ષ્મીબાઈ, તાંત્યાટોપેને સ્વતંત્રતા સંગ્રામ લડવા માટે પોતાનો અને રાજાનો ખજાનો સંપૂર્ણ પણે ધરી દીધો હોત.

પ્રભાવના

દાદાશ્રી મણિવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી પદ્મવિજયજી મહારાજે સ્વતંત્રતા સંગ્રામ સમયે કચ્છના માંડવી બંદરને બ્રિટિશરોના હાથમાં જતું અટકાવ્યું અને આ રીતની સેવાથી ખુશ થનારા કચ્છના જૈનોએ આ પૂજ્યશ્રીને ‘કચ્છ-વાગડ દેશોદ્ધારક’નું બિરુદ આપ્યું હતું.

## દુનિયાની પ્રાચીન-અર્વાચીન સફર

વિ.સં. ૧૯૫૯માં ભાવનગરના દાદા સાહેબના પ્રાંગણમાં શ્રી મહાવીર સ્વામી જિનાલયની પ્રતિષ્ઠા મહોત્સવ હતો. દાદાના મંદિરમાં શિખર પર ધજા ફરકાવવાનો અમૂલ્ય લાભ મોટી બોલી બોલીને લીધો હતો. ભાવનગરના શેઠ ત્રિભુવન ભાણજીએ પોતાના પૂરા પરિવાર સાથે ત્રિભુવન શેઠ દાદાના મંદિરના શિખર પર ચડ્યા હતા. સૌ ધજા ફરકાવવાના ઉત્સાહમાં મસ્ત હતા. પણ ત્રિભુવન શેઠ અહીં રહીને ચારે દિશાનું ભાવનગર નિહાળી રહ્યા હતા. ત્યાં પોતાનો પંચમંજલી ભવ્ય બંગલો દેખાયો. તાજો જ બનાવેલો બંગલો. સંગેમરમરથી મઢેલો અને લાકડામાં કોતરણીથી શોભતો બંગલો. ક્ષણવાર તો જોઈને ખુશ ખુશ થઈ ગયા. પણ વળતી ક્ષણે કંઈક જુદોજ વિચાર આવી ગયો. જેનાથી શેઠ અંદરથી ધ્રુજી ઊઠ્યા. ખૂબ ઉમંગ અને ઉલ્લાસથી ધજા ફરકાવી પરિવાર સાથે પોતાના પંચમજલી બંગલે આવ્યા.

બીજે દિવસે પરિવારને ભેગો કર્યો.. શેઠ બોલ્યાઃ કાલે દાદાના શિખર પર ધજા ફરકાવી ત્યારે મેં જોયું કે આપણો બંગલો દાદાના શિખરથી પણ વધુ ઊંચો છે. મને લાગે છે કે આ ઠીક નથી. જે દાદાના શરણમાં આપણે હેમખેમ છીએ તે દાદાનું શિખર આપણા બંગલાથી નીચું હોય એ મને ઠીક નથી લાગતું

પરિવાર શાંતિથી સાંભળી રહ્યો હતો. 'તો હવે શું કરવું ?' આ પ્રશ્નસૂચક નજરે સૌ શેઠને જોઈ રહ્યા હતા.

શેઠે આગળ ચલાવ્યું.. મેં આના પર ખૂબ વિચાર કર્યો. દાદાનું શિખર તો હવે ઊંચુ વધારી શકાય તેમ નથી. તેમ કરવા માટે ફરીથી આ જિનાલય તમારી નવેસરથી નવું મંદિર બંધાવવું પડે, જે કોઈ કાળે ય શક્ય નથી.. પણ એક વસ્તુ શક્ય છે તે એ કે આપણા બંગલાનો મસ્ત મજાનો કોતરણીવાળો - આરસમઢયોપાંચમો ઉતરાવી દઈએ. ચાર માળ બરાબર છે.

પરિવાર શેઠના પગલે ચાલવાવાળા હતા. શેઠની વાતને આખા પરિવારે ઊંચકી લીધી. અને ઊંચકાયેલા શેઠે સુથાર અને કડિયાઓને બોલાવી તરત જ ઊંચા બંગલામાં પાંચમા માળને ઉતરાવી દીધો.

અને પાંચમો માળ ઉતરાવીને મંદિરને ઊંચાઈ આપનારા ત્રિભુવન શેઠ જગતની નજરોમાં ખૂબ ઉંચાઈને પામી ચૂક્યા હતા.

ત્રિભુવન નાયક મહાવીરના મંદિરના માધ્યમે ત્રિભવુન શેઠે ત્રિભુવનના આંગણે સૂર્ય જેમ ચમકી રહ્યા.. (ધન્ય પ્રભુભક્તિ.. બંગલાના મોહને દૂર કરી શકનારા ત્રિભુવન પરિવાર પણ ધન્યવાદાર્દ છે.)


ડિસેમ્બર - ૨૦૨૩, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપકુમાર શાહ (કુંભારીયા પાડો, વાલકેશ્વર) | ૧૧,૦૦,૦૦૦ |
| શ્રી પ્રદિપકુમાર રમણલાલ શાહ (કુંભારીયા પાડો, વાલકેશ્વર) | ૧૧,૦૦,૦૦૦ |
| શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રભાઈ શાહ (કનાસાનો પાડો) | ૧,૦૧,૦૦૦ |
| M/s. Plusmark Technologie (વખતજીની શેરી) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૯૯,૦૦૦ |
| શ્રી ઢંઢેરવાડો મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ પાટણ શ્રી શામળા પાર્શ્વનાથ દેરાસર, શ્રી કલીકુંડ પાર્શ્વનાથ દેરાસર, શ્રી મહાવીર સ્વામી દેરાસર | ૫૪,૦૦૦ |
| શ્રીમાન જીવરાજજી શ્રી શ્રીમાલ ઉપધાનતપ નિમિત્તે (મુંબઈ) | ૫૧,૦૦૦ |
| મે. ગ્લેન ફાર્માસ્યુટીકલ, વાઘોડીયા, હ. શ્રી હર્ષભાઈ પટેલ | ૫૦,૦૦૦ |
| સ્વ. શ્રીમતી શાંતાબેન શંકરભાઈ પટેલ, મણુંદ, હ. શ્રી કીર્તિકુમાર પટેલ | ૫૦,૦૦૦ |
| શ્રી કોબે જૈન દેરાસર સંઘ (કોબે, જાપાન) | ૪૪,૦૦૦ |
| શ્રી વૈભવીબેન પીનાકીનભાઈ કામદાર (કનાસાનો પાડો, પાર્લા) | ૪૧,૦૦૦ |
| M/s. C.J. Shah & Co. (નરીમાન પોઈન્ટ, મુંબઈ) | ૩૭,૦૦૦ |
| શ્રીમતી પદમાબેન પ્રેમચંદભાઈ શાહ હ. શ્રી પ્રેમચંદનાથાલાલ શાહ પરિવાર (વસાવડો) | ૩૧,૦૦૦ |
| કુણઘેર તિર્થ નિવાસી મુમુક્ષુ રત્ના મહેકકુમારી ગૌરાંગભાઈ શાહની પાલીતાણા મુકામે પ્રવજ્યા પ્રદાન નિમિત્તે જીવદયા ટીપ હ. શ્રી કમલેશભાઈ શાહ (કુણઘેર) | ૨૫,૦૦૦ |
| શ્રી દેવભુમી કુંથુનાથ શ્વે. મુ. જૈન સંઘ (દહીસર, મુંબઈ) | ૨૧,૦૦૦ |
| શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ (કપુરમહેતાનો પાડો, સીક્કાનગર) | ૨૧,૦૦૦ |
| શ્રી ફોર્ટ તપાગચ્છ શ્વે. મુ. જૈન સંઘ (બોરાબજાર, મુંબઈ) | ૨૧,૦૦૦ |
| મે. કે.વી.એ. ચૈતુર અને કું. નવાગંજ પાટણ | ૧૨,૦૦૦ |
| Shri Ishendra Jain - Delhi | ૧૧,૦૦૦ |
| Shri Mohinder Pal Jain - Delhi | ૧૧,૦૦૦ |
| શ્રી કાંદિવલી જૈન શ્વે. મુ. સંઘ. મુનીસુવ્રત સ્વામી (કાંદિવલી વેસ્ટ) | ૧૧,૦૦૦ |
| શ્રી શરદભાઈ વી શાહ (પોળની શેરી, ચોપાટી) | ૧૧,૦૦૦ |
| શ્રી ઉમંગભાઈ શાહ (પોળની શેરી, ચોપાટી) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી બીનાબેન પ્રણયભાઈ શાહ, ડંક મહેતાનો પાડો (તેજસભાઈને ત્યા પુત્રી જન્મ નિમિત્તે) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી રશ્મીબેન હરનીકભાઈ શાહ હ. રીદ્ધેશ, રીતીકા (કોકાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ માટલીવાલા (કનાસાનો પાડો, પાર્લા) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ (અબજી મહેતાનો પાડો, પાર્લા) | ૧૧,૦૦૦ |
| શ્રી વખારનો પાડો શાંતિનાથ જીનાલય ચલ પ્રતિષ્ઠા નિમિત્તે, પાટણ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી સુધાબેન નવિનચંદ્ર શાહ, પાટણ | ૧૧,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, ભારતી સોસાયટી, પાટણ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી બીનીતાબેન તુષારભાઈ શાહ (મરીનડ્રાઈવ) | ૧૦,૩૬૦ |

ADVT

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

## સાભાર સ્વીકાર

**સૌરભ મેડિકલ હેલ્થ કેર ભેટ :**

૨૨,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)

૧૭,૦૦,૦૦૦/- શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ (કપુર મહેતાનો પાડો) હ. શ્રીમતી કાનલબેન હિતેશભાઈ શાહ

**મેડિકલ / સિદ્ધહેમ જ્ઞાનપીઠ / વૃદ્ધજન સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન હરેશભાઈ પુનમચંદ શાહ (ડીસાવાળા)ની ૮૩ વર્ષ પૂર્ણ થયાની ખુશાલી નિમિત્તે (કનાસાનો પાડો) હ. શ્રીમતી નીજલબેન દેવેશભાઈ શાહ, શ્રીમતી તેજલબેન પ્રિતેશભાઈ લાપસીયા, શ્રીમતી બીજલબેન શિલ્પેશભાઈ વોરા

૧,૨૫,૦૦૦/- શ્રી હરેશભાઈ પુનમચંદ શાહ (ડીસાવાળા)ની ૮૩ વર્ષ પૂર્ણ થયાની ખુશાલી નિમિત્તે (કનાસાનો પાડો) હ. શ્રીમતી નીજલબેન દેવેશભાઈ શાહ, શ્રીમતી તેજલબેન પ્રિતેશભાઈ લાપસીયા, શ્રીમતી બીજલબેન શિલ્પેશભાઈ વોરા

**સમાજ ઉત્કર્ષ ભેટ :**

૧,૨૫,૦૦૦/- ડૉ. દત્તાબેન ચીમનલાલ શાહ (શાંતિનાથની પોળ)

**મેડિકલ / શિક્ષણ સહાય ભેટ :**

૧,૦૨,૦૦૦/- સ્વ. શ્રીમતી પદમાબેન પ્રેમચંદ શાહની સ્મૃતિમાં હ. શ્રી પ્રેમચંદ નાથાલાલ શાહ પરિવાર (વસાવાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧,૫૦,૦૦૦/- ઢંઢેરવાડા મહોલ્લાના ભાઈ-બહેનો તરફથી મહોત્સવ નિમિત્તે

**પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી મધુબેન કાંતીલાલ ભોગીલાલ પરિવાર, હ. શૈલેષભાઈ કે. શાહ

**મેડિકલ સહાય ભેટ :**

૨૨,૦૦૦/- શ્રી મનહરલાલ વિઠ્ઠલદાસ સંઘવી તથા શ્રીમતી ભારતીબેન મનહરલાલ સંઘવીના સ્મરણાર્થે (વાગોળનો પાડો) હ. શ્રીમતી જીતાબેન શૈલેષભાઈ શાહ

૫,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ (ખેતરવસી) પૌત્ર ચિ. હર્ષિલ કેતનભાઈ શાહના લગ્ન પ્રસંગ.

**યાત્રા પ્રવાસ ભેટ :**

૫,૫૦,૦૦૦/- શ્રી પંકજભાઈ નેમચંદ શાહ (પોળની શેરી)

૫,૫૦,૦૦૦/- શ્રી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ, હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)

૫૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)



## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | મુકેશભાઈ રમણલાલ શાહ | ૬૬ | અમદાવાદ | ૧૬-૧૨-૨૩ | માગસર સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | વાગોળનો પાડો | ભારતીબેન મનહરલાલ સાંડેસરા | ૯૨ | મુંબઈ | ૨૬-૧૨-૨૩ | માગસર સુદ ૧૫ |
| વિશા શ્રીમાળી | શામળાજીની શેરી | બાબુ પ્રદિપકુમાર જયકુમાર | ૭૫ | વાલકેશ્વર | ૦૪-૦૧-૨૪ | માગસર વદ ૦૮ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | લલિતકુમાર પોપટલાલ શાહ | ૮૭ | વાલકેશ્વર | ૧૦-૦૧-૨૪ | માગસર વદ ૧૪ |
| વિશા શ્રીમાળી | ખજૂરીનો પાડો | અનીલાબેન સુમતીલાલ શાહ | ૮૪ | સાંતાક્રુઝ | ૧૦-૦૧-૨૪ | માગસર વદ ૧૪ |
| વિશા શ્રીમાળી | સાલવી વાડો | નયનાબેન હેમેન્દ્રભાઈ સાલવી | ૬૯ | અંધેરી | ૧૨-૦૧-૨૪ | પોષ સુદ ૦૧ |
| દશા ઓસવાલ | ખજૂરીનો પાડો | અનીલભાઈ વિનોદભાઈ શાહ | ૬૩ | લેમિંગટન રોડ | ૧૭-૦૧-૨૪ | પોષ સુદ ૦૭ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

## સંસ્થા સમાચાર

### ૪૫ વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિઓની ક્રિકેટ મેચ

શ્રી પાટણ જૈન મંડળ તેમજ સ્પોર્ટસ કમીટી દ્વારા સમાજના ૪૫ વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિઓની ક્રિકેટ મેચનું આયોજન તા. ૦૩ માર્ચ, ૨૦૨૪ રવિવાર, સવારના ૯.૩૦ વાગ્યાથી કરવામાં આવેલ છે, ક્રિકેટ મેચનું ગ્રાઉન્ડ આવતા અંકમાં જણાવવમાં આવશે. ઉપરોક્ત મેચમાં જેઓને રમવું હોય તેમણે પોતાના નામ શ્રી પાટણ જૈન મંડળ મરીનડ્રાઈવ ખાતે રૂા. ૨૦૦/- (રીફંડેબલ) ભરીને તા. ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધીમાં નોંધાવી જવા.

### શ્રી મલ્લીનાથાય નમઃ

- શ્રી પાટણ મુકામે રાજકાવાડે મલ્લાતનો પાડો મલ્લીનાથ દાદાની છત્રછાયામાં તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૩ થી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ ઓચ્છવનું આયોજન કરવામાં આવ્યું હતું.
- રોજ સવારના પ્રભાતિયા રાખવામાં આવ્યા હતા.
- સિદ્ધચક્રપૂજન - પંચકલ્યાણ પૂજા - અઢાર અભિષેક - શક્રસ્તવ અભિષેક વગેરે વિવિધ પૂજનો રાખવામાં આવ્યા હતા.
- ભવ્ય વરઘોડો મહારાજ સાહેબની નિશ્રામાં પંચાસરથી શરૂ થઈ મલ્લાતના પાડે ઉતર્યો હતો.
- મોટા નાના દરેક પ્રતિમાજીને સોનાના વરખની આંગી સાથે અદ્‌ભૂત મહાપૂજાનું આયોજન થયું હતું.
- રોજ રાતના ભાવનાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- રંગોળી - વિવિધ રમત ગમતો - ગરબા - ટેલેન્ટ શો - મ્યુઝિકલ હાઉઝી, ફન એન્ડ ફેર વગેરે પ્રોગ્રામોના આયોજન કરવામાં આવ્યા હતા. મહોલ્લામાં ઉપસ્થિત બધાં જ પરિવારોએ ઓચ્છવમાં હર્ષોલ્લાસ સાથે ભાગ લઈને ઉત્સવ મનાવ્યો હતો. મહોલ્લાના જે જે કાર્યોકરોએ સેવા આપી હતી તેઓનો આભાર માનવામાં આવ્યો હતો અને ફરી ફરી બે વર્ષે ઓચ્છવ થાય તેવી ભાવના રાખી હતી.

### સૌરભ લેડીઝ કલબ – વિલેપાર્લા વેસ્ટ

સૌરભ લેડીઝ ક્લબ દ્વારા તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ શુક્રવારના રોજ જૂહુ જીમખાના ખાતે પ્રથમ કાર્યક્રમ બપોરે ૧૨ થી ૩.૩૦ કલાકે લંચનો સંપન્ન થયો. ૯૪ જેટલી મેમ્બર્સ બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. સુંદર અને આકર્ષક વસ્ત્ર પરિધાનમાં આવેલ પ્રથમ ત્રણ બહેનોને ઈનામો આપી સન્માન કર્યું હતું. હાઉઝી ગેમ રમાડવામાં આવી હતી. વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

આગામી કાર્યક્રમ **તા. ૬ માર્ચ ૨૦૨૪ના રોજ વન-ડે પિકનીક આયુષ રિસોર્ટ** ખાતે રાખવામાં આવ્યો છે.

### વુમન એમ્પાવરમેન્ટ કમિટિ

વુમન એમ્પાવરમેન્ટ કમિટિનો આગામી કાર્યક્રમ ઈન્ટરનેશનલ વુમન-ડે ૮મી માર્ચ ૨૦૨૪. વન-ડે પિકનીકનું આયોજન કરવામાં આવ્યું છે. સ્થળ અને વધુ વિગતો આપને જણાવવામાં આવશે.

**સંપર્ક : શ્રીમતી હીનાબેન શાહ મો. ૯૦૨૨૯૪૯૪૩૨ • શ્રીમતી ભાવીનીબેન શાહ મો. ૯૯૨૦૦૬૪૬૬૮**




Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● January 2024 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
૨. શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)
૩. શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ તથા શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ શાહ (ઝભલાવાળા)
હ. શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી - મહાદેવાજીની શેરી)

રૂા. ૧૧ લાખના સહાયક દાતા

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર (વખતજીની શેરી)
૪. શ્રીમતી નીલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૫. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
૬. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૭. શ્રીમતી સુશીલાબેન કાંતિલાલ સાલવી. હ. શ્રી શૈલેષભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
૮. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
૯. શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

## શિખરજી યાત્રા પ્રવાસ

### રૂા. ૧૦ લાખના સમેતશિખર યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાઓ :-

૧. શ્રી પંકજભાઈ નેમચંદભાઈ ચુનીલાલ શાહ (પોળની શેરી)
૨. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૩. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)
૪. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)
૫. શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
૬. શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર (હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)
૭. શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૮. શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ (હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંક મહેતાનો પાડો)
૯. શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુર મહેતાનો પાડો)
૧૦. શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ (હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ) (લખિયારવાડો)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,